સુવિચાર
શિક્ષણ એટલે જીવનની જુદી જુદી વિષમ પરિસ્થિતિઓ સામે ઝઝૂમવાની યોગ્યતા.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૦૮/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ શ્રાવણ વદ-૩ વર્ષ : ૧૫ અંક : ૨૧૪







## બાબરાનાં થોરખાણ ગામ નજીકની ઘટનામાં વિદ્યાર્થીઓનો આબાદ બચાવ

# જનતા વિદ્યાલયની સ્કૂલ બસમાં અચાનક આગ લાગતા અફડાતફડી

**અકસ્માતની જાણ થતાં શાળાનાં આચાર્ય, વાલીઓ અને શિક્ષકો ઘટના સ્થળે દોડી ગયા**

**સ્કૂલ બસમાં રાણપર, ગરણી અને નડાળા ગામનાં કુલ ૨૨ વિદ્યાર્થીઓ સવાર હતા**

**બસનાં ચાલકે ગણતરીની મિનિટોમાં બાળકોને બસની બહાર લાવી દેતા હાશકારો**

**આગ એટલી વિકરાળ બની કે ફાયર ફાઈટર પહોંચે તે પહેલા જ બસ ભડથુ બની ગઈ**

બાબરા, તા. ૨૧

બાબરા તાલુકના થોરખાણ ગામે આવેલ જનતા વિદ્યાયલયની સ્કૂલ બસ કોઈ શોટ સર્કિટના કારણે આગ લાગતા બસમાં સવાર ૨૨ જેટલા વિદ્યાર્થીઓ હેબતાઈ ગયા હતા. જોકે કોઈ દુર્ઘટના બને તે પહેલા બસના ચાલકે બસને રસ્તામાં એકબાજુ પાર્ક કરી તમામ વિદ્યાર્થીઓને સલામત સ્થળે સુરક્ષિત ઉતારી દેતા મોટી ઘટના બનતા અટકી ગઈ હતી.

આ ઘટનાની પ્રાથમિક વિગત અને જનતા વિદ્યાલય શાળાના આચાર્ય એમ.બી. ઝાલાના જણાવ્યા અનુસાર શાળામાં સાત આઠ વરસથી

અનુસંધાન પાના ૬ ઉપર


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

## જેટીથી દરિયામાં ૧૦ નોટીકલ માઈલ દૂર

# અરેરાટી : જાફરાબાદનાં માચ્છીમાર યુવકનું બોટમાંથી પડી જવાથી મોત નિપજયુ

**બોટમાંથી પગ લપસી જતાં દરિયામાં ડૂબી ગયા**

અમરેલી, તા. ૨૧

જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં રહેતા જીતેનભાઈ બાબુભાઈ સોલંકી નામનાં ૩૮ વર્ષિય યુવક અષ્ટવિનાયક નામની બોટમાં જાફરાબાદ જેટીથી દરીયામાં ૧૦ નોટીકલ માઈલ દુર માચ્છીમારી કરતા હતા. ત્યારે બોટમાંથી પગ લપસી જતા દરીયાના પાણીમાં પડી ગયેલ હતાં. બાદ સાથેના ખલાસીઓએ તેમને પાણીમાંથી બહાર કાઢી જાફરાબાદ સરકારી દવાખાને ખસેડાતા ફરજપરના તબીબે તેમને તપાસતા પાણીમાં ડુબી જવાથી ાસ રૂંધાઈ જતા મરણ ગયાનું જાહેર કરેલ હતું.

## અનેક વાલીઓનાં વ્હાલસોયા બાળકોની અવરજવર થતી હોય

# અમરેલીમાં માંતેલા સાંઢની જેમ દોડતાં સ્કૂલનાં વાહનોને નિયમ મુજબ ચલાવવા માટે ફરજ પાડો

**આરટીઓ, ટ્રાફિક પોલીસ અને શાળા સંચાલકો ગંભીરતા દાખવે**

અમરેલી, તા. ૨૧

અમરેલી શહેરમાં આવેલ ખાનગી પ્રાથમિકથી લઈને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને શાળાએ લઈ કે મુકવા માટે શહેરમાં સેંકડોની સંખ્યામાં વાહનો ચાલી રહ્યા છે અને આ વાહનોનો અલગ કલર, બેસાડવાની કેપેસીટી સહિતનાં અનેક નિયમોનો ખુલ્લેઆમ ઉલાળીયો કરીને માંતેલા સાંઢની જેમ વાલીઓનાં વ્હાલસોયની હેરફેર કરનાર વાહન ચાલકોની કાયદેસરતાની તપાસ કરવી જરૂરી બની છે.









## પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ શકિતસિંહ ગોહિલનાં ભાજપ સરકાર પર શાબ્દિક પ્રહારો

# ગાંધીનાં ગુજરાતમાં દારૂબંધી છતાં પણ દારૂની રેલમછેલ : કોંગ્રેસ

**રાજયમાં ૩૦ વર્ષનાં ભાજપનાં શાસનમાં ભ્રષ્ટાચારને લીધે હરણી બોટ, મોરબી બ્રીજ, કાંકરીયા રાઈડ કાંડ સહિતનાં કાંડની ભરમાર**

**અનેક પ્રકારનાં કાંડોનો ભોગ બનનાર નિર્દોષ નાગરિકોને ન્યાય અપાવવા કોંગ્રેસ પક્ષ તૈયાર**

**મોરબીથી શરૂ થયેલ ન્યાયયાત્રાનું આવતીકાલે અમદાવાદ ખાતે સમાપન કરવામાં આવશે**

**હિન્ડનબર્ગ રિપોર્ટમાં ઉજાગર થયેલ ભાજપ સરકારનાં ભ્રષ્ટાચારનાં વિરોધમાં પ્લેકાર્ડ સાથે નાગરિકો યાત્રામાં જોડાશે**

અમદાવાદ, તા. ૨૧

રાજયમાં છેલ્લા ત્રણ દાયકાથી ભાજપ શાસનમાં ભય મુકત ભ્રષ્ટાચારને લીધે વડોદરા હરણી બોટ કાંડ, મોરબી બ્રીજ કાંડ, કાંકરિયા રાઈડ કાંડ, તક્ષશિલા આગ કાંડ , બુલડોઝર કાંડ, લઠ્ઠા કાંડ, પેપર કાંડ, અંધાપા કાંડ, ભુમાફિયા કાંડ, બળાત્કાર કાંડ જેવા અનેક કાંડોનો ભોગ ગુજરાતના નિર્દોષ નાગરિકોને ન્યાય અપાવવા શરૂ થયેલી ‘ગુજરાત ન્યાય યાત્રા’ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, દોષિતોને સજા–પીડિતોને ન્યાયની લડાઈ એટલે કોંગ્રેસની ન્યાયયાત્રા ૯ ઓગષ્ટથી મોરબી ખાતેથી શરૂ થઈ હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના માર્ગદર્શન હેઠળ કોંગ્રેસ પક્ષની ‘ગુજરાત ન્યાય યાત્રા’ મોરબી–ટંકારા–રાજકોટ–ચોટીલા–સુરેન્દ્રનગર–વિરમગામ–સાણંદ થઈ ચાંદખેડા અમદાવાદ ખાતે યાત્રાનું સમાપન થશે. તા. ૨૨ ઓગષ્ટના રોજ સવારે ૮:૩૦ કલાકે અમદાવાદના સાબરચોકડી, સરખેજ ખાતે અમદાવાદ શહેર સમિતિ ગુજરાત ન્યાય યાત્રાનું સ્વાગત કરશે. ત્યારબાદ યાત્રા અમદાવાદ શહેરમાં પ્રવેશ કરી બપોરે રાજીવ ગાંધી ભવન ખાતે પહોંચશે. બપોરે ૩ કલાકે રાજીવ ગાંધી ભવનથી પદયાત્રા પૂજય ગાંધીજીના સાબરમતી આશ્રમ ખાતે સાંજે ૫:૩૦ કલાકે પ્રાર્થના સભામાં જોડાશે. તાજેતરમાં સેબી અંગેના હિન્ડન બર્ગ રિપોર્ટમાં ઉજાગર થયેલ ભાજપ સરકારમાં ભયમુકત ભ્રષ્ટાચારના વિરોધમાં મોટી સંખ્યામાં લોકો પ્લે–કાર્ડ સાથે પદયાત્રામાં જોડાશે. તા. ૨૩ ઓગષ્ટના રોજ સવારે ૮ કલાકેથી ગુજરાત ન્યાય યાત્રા સાબરમતી આશ્રમથી સુભાષબ્રીજ થઈ ચાંદખેડા ખાતે જનસભા સ્વરૂપે સમાપન થશે. સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી દેસાઈ, કોંગ્રેસ પક્ષના કાર્યકારી પ્રમુખ જીજ્ઞેશ મેવાણી, કિસાન કોંગ્રેસના ચેરમેન પાલભાઈ આંબલીયા સહિત આગેવાનોના અથાગ પ્રયત્ન થકી ‘ગુજરાત ન્યાય યાત્રા’ ગુજરાતના જનતાના અવાજને બુલંદ કરી રહી છે.

ગુજરાત રાજયમાં છેલ્લા ત્રણ દાયકાથી ભાજપ શાસનમાં ભય મુકત ભ્રષ્ટાચારને લીધે વડોદરા હરણી બોટ કાંડ, મોરબી બ્રીજ કાંડ, કાંકરિયા રાઈડ કાંડ, તક્ષશિલા આગ કાંડ, બુલડોઝર કાંડ, લઠ્ઠા કાંડ, પેપર કાંડ, અંધાપા કાંડ, ભુમાફિયા કાંડ, બળાત્કાર કાંડ જેવા અનેક કાંડોનો ભોગ ગુજરાતના નિર્દોષ નાગરિકો બની રહ્યા છે. તદુપરાંત, રાજયમાં નકલી અધિકારીઓ તથા નકલી સરકારી કચેરીઓનો રાફડો ફાટયો છે. પૂ. મહાત્મા ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પોલીસ સ્ટેશનો, સરકારી કચેરીઓ, સરકારી હોસ્પિટલો, સરકારી વાહનોમાં ખુલ્લેઆમ દારૂની મહેફિલો માણવામાં આવે છે અને ગુજરાતમાં કરોડો લીટર દારૂ બેરોકટોક ઠલવાઈ રહ્યો છે. ગુજરાતના યુવાનોને રોજગારી આપવામાં નિષ્ફળ નીવડેલ ભાજપ શાસનમાં ખુલ્લેઆમ વેચાતા ડ્રગ્સના કારણે યુવાનો મોટાપાયે ડ્રગ્સ તરફ વળી રહ્યા છે અને રાજયનું યુવાધન બરબાદ થઈ રહ્યું છે. કાયદો અને વ્યવસ્થા સહિત તમામ મોરચે નિષ્ફળ નીવડેલ ભાજપ સરકાર ધૃતરાષ્ટ્ર બનીને માત્ર તમાશો જોઈ રહી છે. ભાજપાની ભ્રષ્ટ નીતિના લીધે વિવિધ કાંડોનો ભોગ બનનાર પીડીત પરિવારોને ન્યાય અપાવવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના માર્ગદર્શન હેઠળ ગુજરાત ન્યાય પદયાત્રા ૯ ઓગષ્ટ મોરબીથી શરૂ થઈ થયેલી યાત્રાનું ઠેરઠેર સ્વાગત થયું. જેમાં પીડિત પરિવારો, કોંગ્રેસના સૈનિકો, ન્યાયયાત્રીઓ તથા ગુજરાતના નાગરિકો જોડાયા.

ગુજરાત ન્યાય યાત્રામાં કોંગ્રેસ પક્ષના પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલ, એ.આઈ.સી.સી.ના વરિષ્ઠ મહામંત્રી અને ગુજરાતના સંગઠન પ્રભારી મુકુલ વાસનીકજી, મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજયસિંહ, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા, ઉપનેતા શૈલેષ પરમાર, એ.આઈ.સી.સી.ના મંત્રી રામકિશન ઓઝા, બી.એમ. સંદિપ, ઉષા નાયડુ, અખિલ ભારતીય મહિલા કોંગ્રેસના પ્રમુખ અલકા લાંબા સહિત વિવિધ ક્ષેત્રમાં કામ કરતા સામાજીક આગેવાનો, કર્મશીલો સહિત કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સંગઠનના પદાધિકારીઓ, દરેક જીલ્લા કક્ષાએ જોડાયા હતા.

### ગણતરીની કલાકોમાં તસ્કરો ઝડપાયા

## મોટી કુંકાવાવ ગામે મંદિરમાં ચોરી કરનાર ૪ પરપ્રાંતીય ઈસમોની અટકાયત કરાઈ

**એલસીબીએ રૂપિયા ૧.૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**



અમરેલી, તા. ૨૧

મોટી કુંકાવાવ ગામે દેરડી (કુંભાજી) રોડ ઉપર આવેલ સોમનાથ મહાદેવ મંદીરના દરવાજા ગ્રીલના નકુચા તોડી, મંદીરમાં રાખેલ ચાંદીનું છત્તર તથા પંચધાતુના શેષનાગ તથા દાન પેટ્ટીની રકમની ચોરી કરી લઈ ગયાની ભાવેશભાઈ બાબુભાઈ માથુકીયા મોટી કુંકાવાવએ અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવેલ હતી.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી. ટીમ દ્વારા ચોક્કસ બાતમી હકિકત આધારે ચોરીના મુદ્દામાલ સાથે મધ્યપ્રદેશના વતની અને હાલ વડીયા તાલુકાના અમરાપુર ગામની સીમમાં રહેતા ચાર ઈસમો પ્રતાપ પ્રેમસિંગ ભુરીયા, પ્રકાશ ઉર્ફે અરવીંદ જુવાનસિંગ ભુરીયા, બિલામ ઉર્ફે સુરેશ મંગરસિંગ ભુરીયા તથા રસીલ ઉર્ફે રાકેશ પ્રેમસિંગ ભુરીયાને ચાંદીનું છત્તર વજન ૫૦૦ ગ્રામ કિમત રૂપિયા ૧૩,૦૦૦ તથા પંચધાતુના શેષનાગ વજન ૩.૭૦૦ ગ્રામ કિમત રૂપિયા ૧૦,૦૦૦, એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૩ કિંમત રૂપિયા ૧૬,૦૦૦, એક મોટર સાયકલ નંબર એમપી ૬૯ ઝેડસી ૧૩૨૬ કિમત રૂપિયા ૭૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૦૯,૦૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી, મંદીર ચોરીનો ભેદ ઉકેલવામાં અમરેલી એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.

## સાવરકુંડલા : અંબિકા સોસાયટીમાં જુગાર રમતાં ૬ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૨૧

સાવરકુંડલા ગામે રહેતા મંગળુભાઈ ખોડુભાઈ વાળા, મહેશભાઈ શાંતિભાઈ નાથજી, યોગેશભાઈ દેવશીભાઈ રોજાસરા, વનરાજભાઈ સાંમતભાઈ ડાંગર, રાજુભાઈ કનુભાઈ સાંથળા, રજનીભાઈ ઉર્ફે લાલો બાબુભાઈ મકવાણા સહિત છ ઈસમો તા. ૨૦ના ૬:૧૫થી ૭:૧૫ દરમ્યાન સાવરકુંડલા ગામે અંબિકા સોસાયટીમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા હોય. પોલીસે દરોડો કરી રોકડા રૂપિયા ૧૭,૬૦૦ તથા મોબાઈલ ફોન નંગ–૫ કિંમત રૂપિયા ૧૭,૫૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૩૫,૧૦૦ ના મુદામાલ સાથે ઝડપાય જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી.

## સોમનાથ મહાદેવને “તલ” નો શૃંગાર કરાયો



શ્રાવણ કૃષ્ણ દ્વિતિયા પર સોમનાથ મહાદેવના જયોતિર્લિંગ પર સફેદ અને કાળા તલ વડે શૃંગાર કરવામાં આવ્યો છે. હિન્દુ ધર્મમાં તલને સૌથી પવિત્ર અન્ન માનવામાં આવે છે. એટલે જ યજ્ઞ તેમજ ધાર્મિક વિધિમાં તલનો ઉપયોગ કરવામાં આવે છે. સફેદ તલ શુદ્ધતા અને સકારાત્મક ઉર્જાનું પ્રતિનિધિત્વ કરે છે, જયારે કાળા તલ અંધકાર અને નકારાત્મક શકિતઓને દૂર કરવાનું પ્રતીક છે. સોમનાથ મહાદેવના તલ શૃંગાર દ્વારા ભકતો શિવજીને તેમના જીવનમાંથી નકારાત્મકતા દૂર કરવા અને શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે પ્રાર્થના કરે છે. માન્યતા છે કે આ શૃંગારના દર્શન કરવાથી ભકતોના પાપોનું શમન થાય છે અને તેઓ જીવનમાં સુખ–શાંતિ પ્રાપ્ત કરે છે.

## કુંકાવાવ : શેઠ હાઈસ્કુલ ખાતે ૭૮માં સ્વાતંત્ર્યદિનની ઉજવણી



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, તા. ૨૧

કુંકાવાવ એન.એમ. શેઠ હાઈસ્કુલ ખાતે ૭૮માં સ્વાતંત્ર્ય દીવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગ્રામ પંચાયત તથા એન.એમ.શેઠ કુમાર હાઈસ્કુલ આચાર્ય તથા સ્ટાફ પરીવાર દ્વારા રાષ્ટ્રીય પર્વની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શહેરની તમામ પ્રાથમિક શાળા તથા બન્ને હાઈસ્કુલનાં સાશકો અને બાળકો તેમજ ગામનાં રાષ્ટ્રપ્રેમી લોકો ખાસ ઉપસ્થિત રહયા હતા. જયારે ગામનાં વતની અને ઉદ્યોગપતી પ્રેમજીભાઈ ડોબરીયા દ્વારા આ પ્રસંગે કૃતી રજી કરનાર તમામ બાળકોને સ્કુલ બેગ જેસર બોકસ આપવામાં આવી હતી. આમ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડીને ભેટ વીતરણ કરીને વતન પ્રત્યેની તેની લાગણી અને શિક્ષણમાં બાળકોને ઉપયોગ એવી સ્કુલબેગ આપીને બાળકોનાં ઉત્સાહને વધાર્યો હતો. આ દાતાની શાળાનાં આચાર્ય તથા કેળવણી આમંત્રીત મહેમાનું કુલ દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. અને વકતાએ દ્વારા હાલની શિક્ષણની જરૂરીયાત અને તથા ફેરફારો તેમજ રાજકીય આગેવાનેની ભુમીકા તથા દાતાઓની સહયોગ બાબતે રૂપરેખા આપી હતી.

### સામાન્ય બોલાચાલી બાદ મામલો વધુ ગરમાયો

## રાજુલાના ચાંચબંદર ગામના બે યુવકો ઉપર અર્ધો ડઝન ઈસમોએ કર્યો હુમલો

**એક યુવકનાં કાકીને આરોપીની કારે હડફેટે લેતા ફરિયાદ**

અમરેલી, તા. ૨૧

આજ થી બે દિવસ પહેલા રાજુલા તાલુકાના ચાંચ બંદરના ફૂલવાડી વિસ્તારમાં રહેતા મહેશભાઈ ભનુભાઈ ઘુંઘરવા નામનાં ૩૦ વર્ષિય યુવકના કાકાના દિકરા નીતેષ વજુભાઈ તથા કિશનભાઈ ગોપાલભાઈ સાથે તેજ ગામે રહેતા આરોપી હસમુખભાઈ વિષ્ણુભાઈ ચૌહાણ તથા ચિંતન બાબુભાઈ ગુજરીયાએ સામાન્ય બોલાચાલી થયેલ હતી. તે વાતનું મ:નદુખ રાખી આરોપી હસમુખભાઈ ચૌહાણ તથા ચિંતન ગુજરીયા તથા તેની સાથેના અજાણ્યા ચાર લોકોએ એક સંપ કરી ફોર વ્હીલ ગાડી તથા મોટર સાયકલ સાથે આવી લોખંડના પાઈપ તથા તલવાર, લાકડાના ધોકાથી યુવકના કાકાના દિકરા પારસને માર મારી માથાના ભાગે ગંભીર ઈજા કરી તથા અજયને શરીરે મુંઢ માર મારી યુવકને પણ માથાના કપાળના ભાગે તલવારનો ઘા મારી ગંભીર ઈજા કરેલ હતી. ભુંડી ગાળો બોલી યુવકને પતાવી દેવા છે તેવી ધમકી આપી જતા રહેલ હતા.

ત્યારે બાદ આરોપીએ પોતાની ફોર વ્હીલ ગાડી પુરઝડપે ચલાવી યુવકના કાકી ગંગાબેનને હડફેટે લઈ શરીરે તેમજ માથાના ભાગે ઈજા કરી અને આગળ જઈ યુવકના મામાના દિકરા જયદીપ સાગરભાઈને માર મારી માથાના ભાગે તથા શરીરે મુંઢ ઈજા કરી નાશી ગયા હતાં આ અંગે પીપાવાવ મરીન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### કંડકટરનાં કારણે પરેશાની ઉભી થઈ

## બગસરાથી રાજકોટ વાયા જેતપુર રૂટની બસ મોડી ઉપડતા મુસાફરો નારાજ

**વ્હેલી સવારની એક માત્ર બસ પણ અનિયમિત**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૧

આજ કાલ બગસરા એસટી ડેપો ચર્ચામાં રહેલ છે તેમાં આજે વહેલી સવારે ઉપડતી ૫.૩૦ કલાકની બસ બગસરા વાયા જેતપુર રાજકોટ અડધી કલાક મોડી ઉપાડતા મુસાફરો રઝળી પડયા હતાં. જયારે ડ્રાઈવર દ્વારા આ બસને નિયત સમય પહેલા જ પ્લેટફોમ ઉપર રાખી દેવામાં આવેલી હતી. પરંતુ સમય થતાં કન્ડકટરના આવતા બસમાં બેઠેલા મુસાફરો પરેશાન થઈ ગયા હતા. જયારે લોકોના કહેવા મુજબ આ મહિલા કન્ડકટર અવાર નવાર મોડા આવતા હોય છે. પરંતુ ડેપો મેનેજરની લાગવગના હિસાબે ડેપો મેનેજર દ્વારા આ મહિલા કંડકટર ઉપર કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી. જેના હિસાબે લોકોમાં રોષ ફેલાયો છે. જયારે કોઈ મળતિયા દ્વારા બસ મોડી ઉપાડવામાં આવે છે તો કાંઈ વાંધો નહિ કહી રફેદફે કરવામાં આવે છે. પરંતુ જો કોઈ અન્ય કર્મચારી મોડા આવે તો તેમની પાસેથી ખુલાશો પણ લખવામાં આવે છે. આવી એકને ગોળ અને એકને ખોળ જેવી નીતિથી કર્મચારીઓમાં ગણગણાટ શરૂ થઈ ગયો છે. આવા વાંધાના હિસાબે મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા છે. તો આવા અધિકારી તેમજ કર્મચારીઓ ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

## સુપ્રસિધ્ધ ભુરખીયા હનુમાનજી મંદિરે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો



દામનગર, તા. ૨૧

શ્રી ભુરખિયા હનુમાનજી દાદાના મંદિરે તા.૨૧–૦૮ ને બુધવારે રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી યોજવામાં આવેલ ૭૭મા વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પમાં ૧૨૩ દર્દીઓની આંખની તપાસ કરવામાં આવેલ, જે પૈકી ૪૦ દર્દીઓને મોતિયોના ઓપરેશન માટે અમરેલી લઈ જવામાં આવેલ છે. અને ઉ દર્દીઓને વેલનું ઓપરેશન કરવામાં આવશે. સુદર્શન નેત્રાલય અમરેલીની ટીમે સેવા આપેલ. લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), શ્રી ભુરખિયા ચેરીટેબલ ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ આ કેમ્પમાં સેવા આપનાર તમામનો દર્દીઓએ આભાર માનેલ.

### SC, ST અનામતમાં કવોટાને લઈને બંધ અપાતા

## અમરેલીનાં વેપારીઓ દ્વારા ધંધા રોજગાર બંધ રાખવામાં આવ્યા

**દલિત સમાજનાં આગેવાનોએ આભાર માન્યો**



અમરેલી, તા. ૨૧

અમરેલીનાં વેપારીઓએ આજે બપોર બાદ એસ.સી., એસ.ટી. અનામતમાં કવોટાનાં વિવાદને લઈને અપાયેલ બંધને સમર્થન આપવા ધંધા–રોજગાર બંધ રાખ્યા હતા.

આ તકે દલિત સમાજનાં આગેવાનો ભરત કાતરીયા, નવચેતન પરમાર, પ્રફુલ ચાવડા, વીકી ચાવડા, એલ.કે. બગડા, મગનભાઈ માધડ, ભાવેશભાઈ બગડા અને મયુર સોંધરવાએ આભાર માન્યો હતો.

## જગતાત ગણાતા ખેડૂતોએ પરસેવો પાડીને તૈયાર કરેલ ખેતીપાકનું વળતર મળશે

# સાવરકુંડલા : માર્કેટયાર્ડમાં નવા કપાસ અને મગફળીની આવક શરૂ

**નવા કપાસનો મુર્હુતનો ભાવ પ્રતિ ૨૦ કિલોએ રૂપિયા ૪૧૫૧ મળતાં ખેડૂતો ખૂશ**

**નવી મગફળીનો પ્રતિ ૨૦ કિલોનો ભાવ રૂપિયા ૧૧૬૧ જેટલો મળતાં ખૂશીનો માહોલ**

**માર્કેટયાર્ડનાં ચેરમેન દિપક માલાણીની ઉપસ્થિતિમાં નવી મગફળી અને કપાસની હરરાજીનો શુભારંભ**

**યાર્ડનાં સેક્રેટરી જે.વી. માલાણી, મદદનીશ મુકેશભાઈ ત્રિવેદી સહિતનાં કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા**



સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા પંથકનાં ખેડૂતોએ છેલ્લા ૩ મહિનામાં લોહી-પાણી એક કરીને તૈયાર કરેલ ખેતજણસનું વેચાણ શરૂ થયું છે અને ખેડૂતોને તેમની મહેનતનું વળતર મળ વાનું શરૂ થયું છે.

સાવરકુંડલાનાં માર્કેટયાર્ડ ખાતે નવી મગફળી અને નવો કપાસ લઈને ખેડૂતો આવી પહોંચતા તેની હરરાજીનો શુભારંભ યાર્ડનાં ચેરમેન અને સ્ટાફગણની ઉપસ્થિતિમાં થયો હતો.

સાવરકુંડલામાર્કેટયાર્ડમાં સિઝનો નવો કપાસ ધારગણી ગામના ખેડુતદિલુભાઈ વાળાએ ઠુમ્મર ટ્રેડીંગના કમીશનમાં તથા સાવરકુંડલા ગામના ખેડુત કનુભાઈ નાકરાણી જયાણી ટ્રેડીંગના કમીશનમાં વેચવા માટે આવેલહોય. સિઝનના નવા કપાસની આવકના શ્રીગણેશ થયેલ હોય જેનું ચેરમેન દિપકભાઈ માલાણીના માર્ગદર્શનથી વાળસ ચેરમેન મહેશભાઈ લખાણીના વરદહસ્તે વિધીસર પુજન કરી તથા શ્રીફળ વધેરીને મોં મીઠુ કરાવીને હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

કપાસ ખરીદનાર વેપારીઓ તેમજ યાર્ડના ઈન્ચાર્જ સેક્રેટરી મુકેશભાઈ ચોવટીયા, આ. સેક્રેટરી મુકેશભાઈ ત્રિવેદી, ઈન્સ્પેકટર વનરાજભાઈ ખુમાણ, અનિલભાઈ ઉચદડીયા તેમજ સ્ટાફગણ અને ડીરેકટરઓની ઉપસ્થિતિમાં કપાસ ખરીદનાર વેપારીઓમાં મુહુર્તનો કપાસ ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા વેપારી જયાણી ટ્રેડીંગ દ્વારા રૂા. ૪૧૫૧ ની ઉંચી બોલી બોલીને બન્ને ખેડુતોના કપાસની ખરીદી કરેલ હતી.

સાવરકુંડલામાર્કેટયાર્ડમાં ચાલું સિઝનની નવી મગફળીની આવક ગોરડકા ગામના ખેડુત ઉકાભાઈ દાનાભાઈ બળદાણીયાએ રીલીફ ટ્રેડીંગના કમીશનમાં વેચવા માટે આવેલ હતી. સિઝનની મગફળીની આવકના શ્રીગણેશ થયેલ હોય જેથી માર્કેટ યાર્ડ ચેરમેન દિપકભાઈ માલાણીના વરદ હસ્તે વિધીસર પુજન કરી શ્રીફળ વધેરીને મોં મીઠુ કરાવીને હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી હતી. અને મગફળી ખરીદનાર વેપારીઓ તેમજ યાર્ડના સેક્રેટરી જે.વી. માલાણી, આ. સેક્રેટરી મુકેશભાઈ ત્રિવેદી, મુકેશભાઈ ચોવટિયા, ઈન્સ્પેકટર વનરાજભાઈ ખુમાણ, અનિલભાઈ ઉચદડીયા તેમજ સ્ટાફગણ, ડીરેકટરોની ઉપસ્થિતિમાં મગફળી ખરીદનાર વેપારીઓમાં મુહુર્તની મગફળી ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા મે. વ્રજલાલ પોપટલાલ દ્વારા રૂા. ૧૧૬૧ની ઉંચી બોલી બોલીને મુહુર્તની મગફળી ખરીદ કરેલ હતી. જેથી મુહુર્તના સારા ભાવ બોલાતા ખેડુતોમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો.

### વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકોની ઉપસ્થિતિમાં

## લાઠીનાં શેખપીપરીયા ખાતે ૭૮માં સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહભેર ઉજવણી

**ગણિત-વિજ્ઞાન ચિત્ર પ્રદર્શન યોજાયું**



બાબરા, તા. ૨૧

લાઠી તાલુકાના શેખપીપરિયા ખાતે શિશુમંદિર ટ્રસ્ટ સંચાલિત કે.ડી. ભાદાણી હાઈસ્કૂલમાં ૭૮મો સ્વાતંત્ર્યદિનની શાનદાર ઉજવણી કરવામાં આવી. જેમાં શિશુમંદિર ટ્રસ્ટના પ્રમુખ કલ્યાણભાઈ લક્ષ્મણભાઈ ભાદાણીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાનાં ૧ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર વેશભૂષા સાથે વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામં આવેલ સાથે 'હર ઘર તિરંગા યાત્ર, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા સાથે ધો. ૧ થી ૧૨ નાં વિદ્યાર્થીઓએ ગણિત-વિજ્ઞાન તેમજ પર્યાવરણ બચાવો, વ્યસનમુકિત, વૃક્ષનું જતન આબાત વતન માટે વિવિધ મોડેલો તથા કલાત્મક ચિત્રોનું પ્રદર્શન અને નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં નંબર મેળવનાર વિદ્યાર્થીઓને ટ્રસ્ટના નવનિયુકત ટ્રસ્ટી તેમજ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાદાણી સંદિપ શંભુભાઈ અને સતાણી અશ્વિન કલ્યાણભાઈ તરફથી ઈનામો આપવામાં આવ્યા હતાં. જેમાં ટ્રસ્ટી ભાદાણી સંદિપભાઈએ કાર્યક્રમમાં પ્રાસંગિક પ્રવચન આપી શિક્ષણ માટે વધુને વધુ ગ્રામ્યકક્ષાએ જાગ્રૃતિ આવે અને શિક્ષણની ગુણવતા વધારવા વાલી, વિદ્યાર્થી, શિક્ષક અને મંડળ સાથે મળી આપણા બાળકોનું ઉજજવળ ભવિષ્ય બનાવવા માટે કાર્ય કરીએ તેમ જણાવ્યું શાળાનાં ટ્રસ્ટી નરસિંહભાઈ ગોકુળભાઈ સાવલિયા તરફથી વિદ્યાર્થીઓ તથા ઉપસ્થિત સર્વે ગ્રામજનોને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. આ રાષ્ટ્રીય પર્વ કાર્યક્રમમાં શેખપીપરિયા પ્રા.શાળા સરકારી માધ્યમિક શાળા તેમજ ગામના આગેવાનો સાથે બહોળી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતાં. સાથે ટ્રસ્ટી પ્રમુખ કલ્યાણભાઈ ભાદાણી, અશોકભાઈ ભાદાણી, સરપંચ બાબુભાઈ ધાધલ, સંદિપભાઈ ભાદાણી, બાબુભાઈ ભાદાણી, મગનભાઈ ભાદાણી દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ ત્યારે જહેમત ઉઠાવી હતી.

## લીલીયા : સરકારી કોલેજ ખાતે ૭૮માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



અમરેલી, તા. ૨૧

સરકારી વિનયન અને વાણિજય કાલેજ લીલીયામાં ગજજ વિભાગ અને શેર એન્ડ કેર અમરેલીના સંયુક્ત ઉપક્રમે ૭૮માં સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિતે 'વિકસિત ભારત' 'મેરે દેશ કી ધરતી' થીમ પર તા. ૧૪/૮/૨૦૨૪ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કોલેજના પ્રિન્સિપાલ ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ (જી. ઈ.એસ. કલાસ -૧) ની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ અને ડો. મહેશ એસ. ગઢીયા (ગજજ પ્રોગ્રામ ઓફિસર અને આસી. પ્રોફેસર સમાજશાસ્ત્ર) દ્વારા કરવામાં આવેલ હતું. કોલેજના વિદ્યાર્થીઓમાં દેશભકિતની ઉચ્ચતમ ભાવના પ્રજવલિત થાય ટેવ ઉમદા હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમની શરૂઆત ભારતમાતા પૂજન અને દીપ પ્રાગટયથી કરવામાં આવેલ હતી. કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ દ્વારા શાબ્દિક સ્વાગત અને પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ હતું. ત્યારબાદ ગાયક કલાકારો સંજયભાઈ પંડયા, હિરેનભાઈ ગોસાઈ આશિષભાઈ મકવાણા, લયાબા રાજપૂત દ્વારા દેશભકિત ગીતોના માધ્યમથી કોલેજનો માહોલ દેશભકિતમય બની ગયોહતો.

કાર્યક્રમ દરમિયાન શેર એન્ડ કેર અમરેલીના દિવ્યાંગ બાળકો દ્વારા દેશભકિત ગીત પર નૃત્ય કરવામાં આવેલ હતું. કાર્યક્રમમાં ગોધવદર ગામના સરપંચ જીવનભાઈ વોરા તથા ઘનશ્યામભાઈ તથા શેર એન્ડ કેરના સભ્યોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

કાર્યક્રમનું સફળ સંચાલન ડો. મહેશ એસ. ગઢીયા (ગજજ પ્રોગ્રામ ઓફિસર અને આસી. પ્રોફેસર સમાજશાસ્ત્ર) અને રિયાઝભાઈ વેરસિયા (ફાઉન્ડર શેર એન્ડ કેર અમરેલી) દ્વારા કરવામાં આવેલ હતું.

કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના તમામ સ્ટાફે મહત્વની ભૂમિકા નિભાવી હતી. આમ કાર્યક્રમ ભવ્ય રીતે સફળ થયો.

### ફિલ્ડ ડે કાર્યક્રમ અંતર્ગત આત્મા પ્રોજેકટ દ્વારા

## નાના મુંજીયાસરમાં ખેડૂતોને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ વિશે વિગતો અને માર્ગદર્શન અપાયુ

**પરંપરાગત કૃષિ છોડી ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવતા ખેડૂતો**

અમરેલી, તા. ૨૧

અમરેલી જીલ્લાના ખેડૂતો પરંપરાગત કૃષિ છોડીને ગૌ આધારિતઅ પ્રાકૃતિક કૃષિ તરફ અપનાવી રહ્યા છે. ફિલ્ડ ડે કાર્યક્રમ અંતર્ગત અમરેલી આત્મા પ્રોજેકટ દ્વારા બગસરા તાલુકાના નાના મુંજીયાસર મુકામે ખેડુતોની તાલીમ યોજાઈ હતી. ખેડૂતોને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ વિશેની વિગતો અને માર્ગદર્શન આપી માહિતગાર કરવામાં આવ્યા હતાં. તાલીમમાં મહિલા અને પુરૂષ ખેડૂતોએ ઉત્સાહભેર જોડાયા હતાં. ખેડુતોને પ્રાકૃતિક કૃષિનું મહત્વ, તેની જરૂરિયાત અને વિવિધ પાકોના વાવેતર વિષયક માર્ગદર્શન આપાવામાં આવ્યું હતું. સાથે પ્રાકૃતિક કૃષિમાં ગાયના મહત્વ અને જીવામૃત વિષયક માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

રાજયને આગામી ૫ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક કૃષિ આધારિત ગુજરાત બનાવવા માટે રાજય સરકાર દ્વારા મિશન મોડ પર પ્રયત્નો શરૂ છે.



પ્રાકૃતિક અભિયાનને વેગ આપવા માટે અમરેલી જીલ્લા સહિત સમગ્ર રાજયમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવાનો પ્રયાસ શરૂ છે.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




શ્રાવણ માસ નિમિતે...
ફરાળી વાનગીઓનો રસથાળ
ટોપરાપાક | શીંગપાક | માવાના પેંડા
દર સોમવારે ગરમાગરમ ફરાળી પેટીસ મળશે
ફરાળી ચેવડો
બટેટા વેફર્સ | કેળા વેફર્સ | દુધીનો હલવો
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ | મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫









ભારત સરકાર એક્શન મોડમાં

# દુનિયાભરમાં ૨૪ લોકોને જ છે એવી બીમારીનો કેસ મેઘાલયમાં નોંધાયો

## ૧૪ વર્ષ બાદ ફરી પોલિયોનો મામલો સામે આવ્યો : બાળકમાં પોલિયોમેલિટિસના લક્ષણો જોવા મળ્યા : નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે જોખમી

નવી દિલ્હી, તા.૨૧

મેઘાલયમાં બે વર્ષના બાળકમાં પોલિયોની પુષ્ટિ થયા બાદ આરોગ્ય વિભાગ હાઈ એલર્ટ પર છે. ૨૦૧૧ પછી દેશમાં પોલિયોનો એક પણ કેસ નોંધાયો નથી. આથી WHOએ ૨૦૧૪માં ભારતને પોલિયો મુક્ત દેશ જાહેર કર્યો હતો. પરંતુ ૧૪ વર્ષ બાદ ફરી પોલિયોનો મામલો સામે આવ્યો છે, જેના કારણે દેશભરમાં ચિંતા વધી ગઈ છે. પોલિયો એ એક વાયરસ છે જે બાળકોનમાં ગંભીર વિકલાંગતાનું કારણ બની શકે છે. તેનો કોઈ ઈલાજ નથી, તેથી આ રોગને રોકવા માટે રસીકરણ એ જ સૌથી અસરકારક ઉપાય છે. મેઘાલયના પશ્ચિમ ગારો હિલ્સ જિલ્લાના ટીકરીકિલા ગામમાં પોલિયોનો કેસ નોંધાયો હતો. બે વર્ષના બાળકમાં પોલિયોના લક્ષણો જોવા મળ્યા છે. હાલ બાળકની આસામના ગોલપારા જિલ્લાની હોસ્પિટલમાં એક્યુટ ફ્લેક્સિડ પેરાલિસિસની સારવાર ચાલી રહી છે.

કેન્દ્રના અધિકારીના જણાવ્યા અનુસાર, આ ચેપ એવા લોકોમાં થાય છે, જેમની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે. મેઘાલયના સીએમ કોનરાડ કે સંગમાએ જણાવ્યું હતું કે બાળકમાં એક અઠવાડિયા કરતાં વધુ સમય પહેલા પોલિયોમેલિટિસના લક્ષણો જોવા મળ્યા હતા. આથી બાળકના મળ અને અન્ય સેમ્પલ લેવામાં આવ્યા છે. જેને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) ના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાઈરોલોજી (NIV) ના કેન્દ્રોમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. આ બાબતે સીએમએ રાજધાની શિલોંગમાં પત્રકારોને કહ્યું કે મામલો ગંભીર છે. આથી સરકાર તેની સમીક્ષા કરી રહી છે. ઓરલ પોલિયો રસી (OVP) ઘણી ઓછી માત્રામાં વાયરસ હોય છે. જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવા પર કામ કરે છે.

જો રોગપ્રતિકારક શક્તિ નબળી હોય તો રસી આપ્યા બાદ તેની અસર લાંબા સમય સુધી રહી શકે છે. આથી જેટલા લાંબા સમય સુધી તે શરીરમાં રહેશે તેટલી વધુ તે નુકસાન પહોંચાડશે. અમુક કેસમાં તે લકવાનું કારણ પણ બની શકે છે. WHO અનુસાર આ સર્ક્યુલેટિંગ વેક્સીન ડિરાઈવ્ડ પોલિયો વાયરસ (Circulating vaccine derived poliovirus) છે. ૨૦૦૦ થી ૩ અબજ બાળકોને ૧૦ બિલિયનથી વધુ OPV ડોઝ આપવામાં આવ્યા છે. ત્યારે હવે ભારતમાં જે નવો કેસ સામે આવ્યો છે તેવા ૨૪ કેસ ૨૧ દેશોમાં નોંધાયા છે.

જો બાળકને તાવ, થાક, ઝાડા, કબજિયાત અથવા માથાનો દુખાવા સાથે ઉલ્ટી થાય છે, તો તરત જ ડૉક્ટરની સલાહ લેવાની જરૂર છે. આ ટૂંકા ગાળાના ચેપનું કારણ બની શકે છે. નવા કેસ માટે પોલિયોની રસી જવાબદાર છે. એક પોલિયો વાયરસ બીજા પોલિયો વાયરસને મારી નાખે છે. જો શરીરની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તો તે લાંબા સમય સુધી શરીરમાં રહે છે. આ સમયગાળા દરમિયાન ઘણી વખત પરિવર્તન કરવાથી ગંભીર સમસ્યાઓ થઈ શકે છે.

ભારત બંધની બિહારમાં સૌથી વધુ અસર

# પટણામાં ભારત બંધ દરમિયાન થયો હંગામો

## ભારત બંધના સમર્થકોની સરઘસ ગાંધી મેદાનથી આગળ વધી રહી હતી દરમિયાન, જેપી ગોલમ્બર નજીક બેરીકેડિંગ કરવામાં આવ્યું હતુ

બિહાર,તા.૨૧

ભારત બંધના એલાનની બિહારમાં સૌથી વધુ એસર જોવા મળી રહી છે. રાજ્યના પાટનગર બિહારમાં બંધના સમર્થકો હિંસક બનતા તેમને કાબુમાં લેવા પોલીસે પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કર્યો છે. ભારત બંધના સમર્થકોની સરઘસ ગાંધી મેદાનથી આગળ વધી રહી હતી. દરમિયાન, જેપી ગોલમ્બર નજીક બેરીકેડિંગ કરવામાં આવ્યું હતું. પરંતુ બંધ સમર્થકોએ બેરીકેડિંગ તોડી નાખ્યું અને આગળ વધવાનું શરૂ કર્યું હતું. પોલીસે બેરીકેડિંગ બ્રેકિંગને રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ પ્રદર્શનકારીઓ આગળ વધ્યા અને ડાક બંગલા આંતરછેદ પર પહોંચ્યા. પરિસ્થિતિને કાબૂમાં રાખવા અને બંધ સમર્થકોને આગળ વધતા અટકાવવા પોલીસે લાઠીચાર્જ કર્યો હતો.હકીકતમાં, ભારત બંધની સૌથી મોટી અસર બિહારમાં આરક્ષણ સેવ સંઘર્ષ સમિતિ અને વિવિધ સંસ્થાઓ દ્વારા જોવા મળી રહી છે. વિરોધીઓ બુધવારે સવારથી શેરીઓમાં નીકળ્યા હતા. ટ્રેન અને બસ સેવાને અસર થઈ છે. ઘણી જગ્યાએ ટ્રેનો બંધ થવાના અહેવાલો છે.રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પણ અવરોધિત હોવાનું જણાવાયું છે. આનાથી વાહનોની હિલચાલને પણ અસર થઈ છે. બિહારમાં ભારત બંધને આરજેડી, એલજેપી (આર) જેવા પ્રાદેશિક પક્ષો દ્વારા ટેકો મળ્યો છે. આ કારણે બિહારમાં બંધની અસર વધુ દેખાઈ છે.બીજી બાજુ, મુઝફ્ફરપુરમાં ભીમ આર્મીના કાર્યકરોએ શહેરના ગોબરસાહી ચોકને અવરોધિત કર્યા અને રસ્તા પર વિરોધ કરી રહ્યા છે. ભારત બંધના કારણે મુઝફ્ફરપુર, સમસ્તિપુર, પટણા, બેગુસરાઈ, હજીપુર જતા વાહનોની લાંબી કતારો છે. વિરોધીઓ તેમના હાથમાં ધ્વજ સાથે વિરોધ કરી રહ્યા છે. મુઝફ્ફરપુર-સામસ્તિપુર માર્ગ પ્રદર્શનકારીઓ દ્વારા સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યો છે. રસ્તા પર ટાયર બાળીને વિરોધ કરવાં આવી રહ્યો છે. તે જ સમયે, સુરક્ષા વ્યવસ્થા અંગે ગોબરસાહી ચોક મુઝફ્ફરપુરમાં મોટી સંખ્યામાં પોલીસ દળો હાજર છે.જેહનાબાદ જિલ્લામાં વિરોધીઓએ રાષ્ટ્રીય હાઈવે -૮૩ (એનએચ-૮૩૮૩) પર ટ્રાફિક અવરોધિત કર્યો હતો અને આ સમય દરમિયાન તેઓ સુરક્ષા કર્મચારીઓ સાથે અથડામણ કરી હતી. પોલીસે છ કેમલ મોર નજીક એનએચ -૮૩ પર ટ્રાફિકને અવરોધિત કરવાનો પ્રયાસ કરી પાંચ વિરોધીઓની અટકાયત કરી હતી. પાછળથી તમામ વિરોધીઓને ટ્રાફિકને પુનર્સ્થાપિત કરવા માટે એનએચ -૮૩ થી દૂર કરવામાં આવ્યા હતા, જોકે આ સમયગાળા દરમિયાન વિરોધ કરનારાઓ સુરક્ષા કર્મચારીઓ સાથે અથડાયા હતા.

ચોમાસુ સત્રનો પ્રારંભ થયો

# વિધાનસભામાં કોંગ્રેસે વિદેશમાં રહેતા શિક્ષકોનો મુદ્દો ઉઠાવ્યો

## ગૃહમાં ગેરહાજર અને વિદેશમાં રહેતા શિક્ષકો સહિત ચાંદીપુરા વાયરસનો મુદ્દો ગુંજ્યો હતો

ગાંધીનગર,તા.૨૧

ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસના ચોમાસુ સત્રનો આજથી પ્રારંભ થયો છે. ગૃહમાં ગેરહાજર અને વિદેશમાં રહેતા શિક્ષકો સહિત ચાંદીપુરા વાયરસનો મુદ્દો ગુંજ્યો હતો. સત્ર શરૂ થયા પહેલા કોંગ્રેસે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન 'બંધ કરો ભાઈ બંધ કરો લોકશાહીની હત્યા બંધ કરો'ના સૂત્રોચ્ચાર કર્યા હતા. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે સવાર કર્યો હતો કે, શાળામાં શિક્ષકો ગેરહાજર રહે છે અને એ બાબતે સરકારની કાર્યવાહી શું છે? કુલ ૧૭૬ શિક્ષકો વિદેશ ચાલ્યા ગયા છે. ગણિત અને વિજ્ઞાન વિષયના શિક્ષકો સૌથી વધારે ગેરહાજર છે. તે ઉપરાંત ગુજરાતમાં થયેલી દુર્ઘટનાઓ મુદ્દે કોંગ્રેસના ધારાસભ્યોએ ગૃહમાં સુત્રોચ્ચાર કર્યા હતાં.

કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારના સવાલનો જવાબ આપતા શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોરે કહ્યું હતું કે, શાળામાં શિક્ષકોની ઘટની બાબત દર વખતે ભરતી કેમ્પમાં ધ્યાન પર આવતી હોય છે. કુલ ૧૭૬ શિક્ષકો શાળામાં હાજર નથી. કુલ ૧૩૪ શિક્ષકો ગેરહાજર છે અને એ તમામ ૧૩૪ શિક્ષકો સામે કાર્યવાહી કરી છે. જે ૧૭૬ શિક્ષકોની વાત કરે છે એ ૧૭૬ નથી પણ કુલ ૧૩૪ શિક્ષકો છે. બિનઅધિકૃત રીતે ગેરહાજર હોય એવા ૧૩૦ શિક્ષકો પૈકી ૧૦ને બરતરફ કર્યા છે. જ્યારે બાકીના સામે કાર્યવાહી ચાલુ છે. ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો ગેરહાજર નથી.જે ગેરહાજર છે એમની સામે કાર્યવાહી કરવામાં આવશે.તે ઉપરાંત કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે ગૃહમાં કહ્યું હતું કે, ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો વિદેશ પ્રવાસે છે એ કહેવું ખોટું ગણાશે. આ દરમિયાન અધ્યક્ષે કહ્યું હતું કે,જ્યારે ગૃહમાં સવાલ કરવામાં આવે ત્યારે પૂરતા પુરાવા સાથે સવાલ હોવા જોઈએ માટે આ તમામ સવાલ રેકર્ડ પરથી દૂર કરવામાં આવશે. ધારાસભ્ય અમૃતજી ઠાકોરે કહ્યું હતું કે, બે શિક્ષકોને મારા મત વિસ્તારમાં કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. સચિવ કક્ષાએથી માહિતી માંગે તો સમયસર માહિતી મળે છે. બે શિક્ષકોને કારણદર્શક નોટિસ આપી છે, શિક્ષકોની ભરતી નથી થતી, શિક્ષકો હાજર રહેતા નથી. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ સવાલ કરતાં કહ્યું હતું કે,૩૧-૭-૨૪ની સ્થિતિએ ગુજરાતમાં ચાંદીપુરા વાઈરસથી કેટલા બાળકોના મોત થયા છે, વાઈરસ અટકાવવા શું પગલા લીધા? તેના જવાબમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, કુલ ૧૬૪ કેસ છે, ચાંદીપુરા વાઈરસને કારણે ૨૮ મોત છે, ઍન્સિફિલાઈટિસ વાઈરલ સિન્ડ્રોમથી ૭૩ મોત છે. આમ કુલ ૧૦૧ મોત છે. ૧૬૪માંથી ૧૦૧ને બાદ કરતા ૬૩ બાળકોને બચાવી શકયા છીએ. જેમાંથી ૫૯ બાળકોને સારવાર આપી ઘરે મોકલી શક્યા છે જ્યારે ૪ હજુ સારવાર લઈ રહ્યા છે

રફ લખાણ હવે બની જશે પ્રોફેશનલ ઇમેલ

# ગૂગલે તેની ઇમેલ સર્વિસ જીમેલમાં બે નવા ફીચર્સનો સમાવેશ કર્યો

## પોલિશ' અને 'રીફાઇન માય ડ્રાફ્ટ' એન્ડ્રોઇડ, iOS અને વેબ દરેક વર્ઝન પર આ ફીચર ઉપલબ્ધ

મુંબઈ,તા.૨૧

ગૂગલે તેની ઈમેલ સર્વિસ જીમેલમાં બે નવા ફીચર્સનો સમાવેશ કર્યો છે. આ ફીચર્સ છે 'પોલિશ' અને 'રીફાઈન માય ડ્રાફ્ટ'. એન્ડ્રોઈડ, આઈઓએસ અને વેબ દરેક વર્ઝન પર આ ફીચર ઉપલબ્ધ છે. આજે દરેક કોર્પોરેટ કંપનીમાં મોટાભાગનું કામ ઈમેલ દ્વારા થતું હોય છે. ઘણી વાર યુઝરની લખવાની સ્ટાઈલ થોડી નબળી હોવાથી ઈમેલ પોતે લખું અથવા તો અન્ય કોઈ પાસે લખાવું એવું થતું હોય છે. જોકે તેમનો આ સંકોચ હવે દૂર થઈ જશે કારણ કે ગૂગલનું આ ફીચર તેમના માટે જ બન્યું છે.ગૂગલ દ્વારા હાલમાં જે ફીચર કાઢવામા આવ્યુ છે એનું નામ રીફાઈન માય ડ્રાફ્ટ છે. આ ફીચરની મદદથી યુઝરને લખવામાં મદદ મળે છે. યુઝર જ્યારે જીમેલના બોડી ટેક્સમાં લખે છે ત્યાં 'હેલ્પ મી રાઈટ' અને 'રીફાઈન માય ડ્રાફ્ટ' એમ બે વસ્તુ લખેલું આવશે. આ બન્ને પર ક્લિક કરતાં એક લખવા માટેની તમામ મદદ મળી રહશે. ઈમેલ કેવા પ્રકારનો લખવાનો છે એ માટે હેલ્પ મી રાઈટનો ઉપયોગ કરવો. એ લખ્યા બાદ એને બરાબર છે કે નહીં એ ચેક કરવા માટે રીફાઈન માય ડ્રાફ્ટનો ઉપયોગ કરવો. આ નાની-મોટી ભૂલોને સુધારી દેશે અને ઈમેલ ભૂલ વગરનો સેન્ડ થશે.

બોડી ટેક્સ્ટમાં બારથી વધુ શબ્દ લખ્યા બાદ પોલિશ, ફોર્મલાઈઝ, એલાબોરેટ અથવા તો ઈમેલને ટૂંકો કરવા માટેનું ઓપ્શન આવશે. આ પોલિશ ફીચરની મદદથી યુઝર ભૂલ વગરનો ઈમેલ તો લખી જ શકશે, પરંતુ એક વાર ઈમેલ શા માટે લખવામાં આવી રહ્યો છે એ જણાવી દેતા આ પોલિશ ફીચર યુઝર માટે સંપૂર્ણ ઈમેલ લખી નાખશે. આ ઈમેલ એક વાર વાંચી લેવો અને જો એ યુઝરને યોગ્ય લાગ્યો તો રીપ્લેસ બટન પર ક્લિક કરતાં બોડી ટેક્સ્ટમાં પોલિશ વર્ઝન વાળો ઈમેલ આવી જશે. જોકે આ ગૂગલ જેમિની પોલિશ ફીચર હાલમાં ફક્ત ગૂગલ વન AI પ્રીમિયમ યુઝર માટે જ છે.

ગુજરાતમાં મોટાભાગે આદીવાસી વર્ચસ્વ ધરાવતા વિસ્તારોમાં સમર્થન

# ભારત બંધના એલાનને ગુજરાતમાં મિશ્ર પ્રતિસાદ મળ્યો

## કેટલાક આદીવાસી વિસ્તારોમાં બજારો બંધ તો કેટલીક દુકાનો ખુલ્લી જોવા મળી

નવીદિલ્હી,તા.૨૧

સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં એસસી-એસટી અનામતના સંદર્ભમાં પેટા જાતિના વર્ગીકરણ તેમજ ક્રિમી લેયરના મુદ્દે સર્વે માટેનો ચુકાદો અપાયો હતો. આ ચુકાદાની સામે વિરોધ દર્શાવવા સમસ્ત એસ.સી.-એસ.ટી. સમાજ દ્વારા ૨૧ ઓગસ્ટે ભારત બંધનું એલાન અપાયું છે. ત્યારે આ રાષ્ટ્ર વ્યાપી બંધને પગલે એસસી એસટી એકતા મંચ અરવલ્લી જિલ્લા દ્વારા ભિલોડા બંધનું એલાન આપવામાં આવતાં તંત્ર એલર્ટ કરાયું છે.

આ બંધને સફળ બનાવવા જરૂરી પ્રચાર માટે તંત્ર દ્વારા મંજુરી પણ અપાઈ છે. ત્યારે આ બંધમાં પોલીસ, મેડિકલ અને ફાયર સહિતની ઈમરજન્સી સેવાઓને બાકાત રાખી અન્ય વેપાર ધંધા બંધ રાખી સહકાર આપવા મંચ દ્વારા અપીલ કરાઈ હતી.

ત્યારે ભારત બંધના એલાનને ગુજરાતમાં મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. વિજયનગર, ભિલોડા અને દાંતામાં સ્વયંભૂ બજારો બંધ જોવા મળ્યા હતા, જ્યારે અમુક આદીવાસી વિસ્તારોમાં બજારો ખુલ્લી જોવા મળી હતી. ભારત બંધના એલાન ગુજરાતમાં મોટાભાગે આદીવાસી વર્ચસ્વ ધરાવતા વિસ્તારોમાં સમર્થન મળી રહ્યું છે. ગુજરાતના દાહોદ, પંચમહાલ, સાબરકાંઠા, દાંતા, અરવલ્લી, નર્મદા, નવસારી, છોટા ઉદેપુર સહિતના જીલ્લાઓ જોડાયા છે. ગુજરાતના હડાદ, દાંતા, મંડાલી, ઈડર, ઉમરપાડા, સાબરકાંઠા,વ્યારા, સોનગઢ, ઉમરપાડા, વિજયનગર સહિત નર્મદા જિલ્લામાં બંધની અસર જોવા મળી હતી.

કેટલાક આદીવાસી વિસ્તારોમાં બજારોમાં બંધ જોવા મળી રહી છે, તો કેટલાક વિસ્તારોમાં દુકાનો ખુલ્લી જોવા મળી રહી છે. એકદંરે ગુજરાતમાં ભારત બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. કેટલીક જગ્યાએ બંધના પોસ્ટર લગાવેલા જોવા મળી રહ્યા છે, તો કેટલીક જગ્યાએ રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ભારત બંધના પગલે પોલીસ પણ એલર્ટ થઈ ગઈ છે. ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આદીવાસી જિલ્લાઓમાં પોલીસ પેટ્રોલિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, શાંતિનો ભંગ ન થાય તે માટે પોલીસ સતર્ક બની ગઈ છે.

# સહકારી બેંકોમાં ૨૨ લાખ નવા ખાતા સાથે ૬૫૦૦ કરોડની ડિપોઝિટ જમા થઈ

## પશુપાલકો અને દૂધ મંડળીઓના ખાતા જિલ્લાની સહકારી બેંક્માં ખોલાવવા અને તેમાં જ તમામ વ્યવહાર કરવા કેન્દ્રીય સહકારીતા મંત્રી અમિત શાહે દેશવ્યાપી અનુરોધ કર્યો

ગાંધીનગર,તા.૨૧

ગુજરાત સહિત દેશભરમાં સહકારિતા માળખાને વધુને વધુ મજબૂત બનાવવા દેશમાં પ્રથમ વખત સહકારીતા મંત્રાલયની સ્થાપના કરવામાં આવી છે. કો-ઓપરેશન અમોન્ગ કો-ઓપરેટીવ્સના લક્ષ્યાંક સાથે રાજ્યની તમામ સહકારી મંડળીઓ, પશુપાલકો અને દૂધ મંડળીઓના ખાતા જિલ્લાની સહકારી બેંક્માં ખોલાવવા અને તેમાં જ તમામ વ્યવહાર કરવા કેન્દ્રીય સહકારીતા મંત્રી અમિત શાહે દેશવ્યાપી અનુરોધ કર્યો છે. જેના ભાગરૂપે ગુજરાતમાં અત્યાર સુધીમાં સૌથી વધુ અંદાજે ૨૨ લાખ નવા ખાતા ખોલવામાં આવ્યા છે. આ ખાતાઓમાં ૬૫૦૦ કરોડની માતબર રકમની ડિપોઝિટ પણ જમા થઈ છે તેમ વિધાનસભા ગૃહમાં પૂછાયેલા ટૂંકી મુદતના પ્રશ્નનો જવાબ આપતાં સહકાર રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું.મંત્રી વિશ્વકર્માએ ડીસાના ધારાસભ્યપ્રવિણ માળીના પ્રશ્નનો પ્રત્યુતર આપતા કહ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત સહકારી મંડળીઓના ખાતા જિલ્લા સહકારી બેંક્માં ખોલવવા માટે સમજૂતી કરવામાં આવી હતી. જે હેઠળ એપ્રિલ ૨૦૨૩થી જુલાઈ ૨૦૨૪ સુધીમાં બનાસકાંઠામાં કુલ ૬૧૬ દૂધ મંડળીઓના નવા ખાતા જિલ્લા મધ્યસ્થ સરકારી બેંક્માં ખોલવામાં આવ્યા છે. આ પાયલોટ પ્રોજેક્ટમાં સૌ પ્રથમ બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાની પસંદગી કરવામાં આવી છે. આ જિલ્લાઓમાં એક વર્ષમાં અંદાજે ૪ લાખ નવા ખાતા ખોલવામાં આવ્યા છે જેમાં ૧૨૦૦ કરોડ ડિપોઝિટ જમા થઈ છે.મંત્રી વિશ્વકર્માએ પૂરક પ્રશ્નોનો જવાબ આપતાં ગૃહમાં કહ્યું હતું કે, જિલ્લાના છેવાડાના તમામ ગામોમાં બેંકિંગ સુવિધા મળી રહે તેવા ઉમદા હેતુ સાથે ગામે ગામ 'બેંક મિત્ર' બનાવી તેમના માધ્યમથી 'માઈક્રો છ્સ' આપવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે.ગામના સભાસદોને જ્યારે પણ માઈક્રો છ્સદ્વારા પૈસાની લેવડ-દેવડ કરવી હશે ત્યારે 'બેંક મિત્ર' તેમના ઘરે જઈને તેમને મદદ કરશે. આ 'માઈક્રો છ્સ' અને 'બેંક મિત્ર'ની સેવા ઉપલબ્ધ થવાથી ગામના લોકોને નાણાકીય વ્યવહાર માટે જિલ્લા- તાલુકા મથકે જવું નહીં પડે. આ સાથે જિલ્લામાં સહકારી ક્ષેત્રી-બેંકિંગનું સૌથી વધુ કામ ગુજરાતમાં પંચમહાલમાં થઈ રહ્યુંછે.ગુજરાતના તમામ તાલુકા અને જિલ્લામાં માઈક્રો એટીએમની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. જેના ભાગરૂપે હાલ રાજ્યમાં ૭૮૦૦ જેટલા માઈક્રો ATM કાર્યરત છે.

# રાજકોટમાં એક સપ્તાહમાં ૧૯ જેટલા ડેન્ગ્યુના કેસ નોંધાયા

અમદાવાદ,તા.૨૧

રાજ્યમાં બેવડી ઋતુના પગલે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે. ત્યારે રાજકોટમાં મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉંચક્યું છે. એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૧૯ જેટલા કેસ નોંધાયા છે. મેલેરિયાનો એક અને ટાઈફોડના એક સાથે ૫ કેસ નોંધાયા છે. તાવ, શરદી, ઉધરસ સહિત વાયરલ ઈન્ફેક્શન સહિતના ૧૭૯૮ કેસ નોંધાયા છે.મનપાની આરોગ્ય શાખાની પોરાનાશક કામગીરી અને જાગૃતિ અભિયાન નિષ્ફળ ગયુ છે.બીજી તરફ અમદાવાદ શહેરમાં પણ મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો વકર્યો છે. અમદાવાદમાં માત્ર ૧૭ દિવસમાં ડેન્ગ્યુના ૩૪૫ કેસ નોંધાયા છે. જાન્યુઆરીથી જુલાઈમાં નોંધાયેલ કુલ કેસના ૫૦ ટકા કેસ માત્ર ૧૭ દિવસમાં નોધાયા છે. ટાઈફોઈડના ૪૮૫, મેલેરિયાના ૧૧૦, ચિકનગુનિયાના ૩૫ કેસ નોંધાયા છે.કમળાના ૨૯૯, કોલેરાના ૨૨ કેસ સામે આવ્યા છે. દાણીલીમડા, બહેરામપુરા, ગોતા, લાંભામાં કોલેરાના વધુ કેસ સામે આવ્યા છે. ઉપર જણાવેલ કેસોમાં ખાનગી હોસ્પિટલના કેસોનો સમાવેશ નથી. ખાનગી હોસ્પિટલમાં નોંધાયેલો આંક પણ ખૂબ જ ઊંચો હોવાની શક્યતા છે.

ખાતર વિક્રેતાના વેચાણ કેન્દ્રો પર સતત તકેદારી

# ભારત સરકારે ગુજરાતને ૬૨.૬૦ લાખ મેટ્રીક ટન ખાતરનો જથ્થો ફાળવ્યો

## યુરિયા ડી.એ.પી અને અન્ય ખાતર મળીને કુલ ૫૯.૮૨ લાખ મેટ્રિક ટન જથ્થાની માંગણી કરી હતી

ગાંધીનગર,તા.૨૧

વિધાનસભા ગૃહ ખાતે ગુજરાતમાં ખાતરની ઉપલબ્ધતા અંગે ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ખાતરનો પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યમાં ક્યાંય પણ ખાતરની અછત ન સર્જાય તે માટે ભારત સરકારે ગુજરાતને વધુ ખાતરનો જથ્થો પૂરો પાડ્યો છે. છેલ્લા એક વર્ષમાં ભારત સરકાર સમક્ષ યુરિયા ડી.એ.પી અને અન્ય ખાતર મળીને કુલ ૫૯.૮૨ લાખ મેટ્રિક ટન જથ્થાની માંગણી કરી હતી. જેની સામે ગુજરાતને માંગણી કરતા વધુ આશરે ૬૨.૬૦ લાખ મેટ્રિક ટન જથ્થો ફાળવવામાં આવ્યો છે.કૃષિ મંત્રીએ પૂરક પ્રશ્નના જવાબમાં કહ્યું હતુ કે, યુરિયા ખાતર સાથે અન્ય વસ્તુઓ ખરીદવાની કોઈપણ પ્રકારની ફરજ પાડવામાં ન આવે તે માટે રાસાયણિક ખાતર વિક્રેતાના વેચાણ કેન્દ્રો પર સતત તકેદારી રાખવામાં આવી રહી છે.તેમ છતાં રાજ્યમાં આવી ઘટના ધ્યાને આવશે, તો રાજ્ય સરકાર વિક્રેતા અને કંપનીનું લાયસન્સ રદ કરવા સહિતના કડક પગલા લેશે. ખેડૂતોને સરળતાથી ખાતર મળી રહે તે માટે ગુજકો માસોલ અને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ જેવી ૧૭જેટલી સરકાર માન્ય ખાતર વિતરક સંસ્થાઓ, ૮૫૦થી વધુ હોલસેલર વિક્રેતા તથા અન્ય મળીને કુલ ૯ હજારથી વધુ સહકારી મંડળીઓ તથા ખાનગી ખાતર વિક્રેતાઓ દ્વારા ખાતરનું વેચાણ કરવામાં આવી રહ્યું છે.

ગુજરાત નીમ કોટેડ યુરિયાના ઉત્પાદન બાબતે દેશનું એક અગ્રણી રાજ્ય છે. ભારતના કુલ નીમ કોટેડ યુરિયાના ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૧૪% છે, જ્યારે વપરાશની દ્રષ્ટિએ ગુજરાતનો હિસ્સો ૯% છે. રાજ્યમાં નીમ કોટેડ યુરિયાનું ઉત્પાદન ગુજરાત નર્મદા વૅલી ફર્ટિલાઈઝર્સ ઍન્ડ કૅમિકલ્સ લિમિટેડ (GNFC) ભરૂચ ખાતેના પ્લાન્ટમાં થાય છે. આ ઉપરાંત, GSFC, IFFCO અને KRIBHCO પણ નીમ કોટેડ યુરિયાનું ઉત્પાદન કરે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૭,૭૬,૦૦૦ મેટ્રિક ટન નીમ કોટેડ યુરિયાનું ઉત્પાદન થયું હતું, જેની સરખામણીમાં ૨૦૨૨-૨૩માં ૩૮,૯૨,૦૦૦ મેટ્રિક ટન અને ૨૦૨૩-૨૪માં ૩૯,૭૩,૦૦૦ મેટ્રિક ટન નીમ કોટેડ યુરિયાનું ઉત્પાદન થયું હતું. નીમ કોટેડ યુરિયાના ફાયદાઓને જોતાં તેની માંગ સતત વધી રહી છે.

ઈમરજન્સી પર પ્રતિબંધ લગાવો

# ઈન્દિરા ગાંધીના હત્યારાના દીકરાએ ફિલ્મનો વિરોધ કર્યો

## ઇમરજન્સી' શીખ સમુદાયને ખોટી રીતે બતાવે છે, જેના કારણે સમાજમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે

મુંબઈ,તા.૨૧

કંગના રનૌત તેની ફિલ્મ 'ઈમરજન્સી'ને લઈને વિવાદમાં આવી છે. ફરીદકોટના અપક્ષ સાંસદ સરબજીત સિંહ ખાલસાએ આ ફિલ્મ સામે વાંધો ઉઠાવ્યો છે. સરબજીત સિંહે ફેસબુક પર એક લાંબી પોસ્ટ લખી છે, જેમાં તેણે કહ્યું છે કે ફિલ્મ 'ઈમરજન્સી' શીખ સમુદાયને ખોટી રીતે બતાવે છે, જેના કારણે સમાજમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે સરબજીત સિંહ ખાલસાએ લખ્યું, 'એવા અહેવાલો છે કે નવી ફિલ્મ ઈમરજન્સીમાં ખોટી રીતે શીખોનું ચિત્રણ કરવામાં આવી રહ્યું છે. જેના કારણે સમાજમાં કાયદો અને વ્યવસ્થા બગડે તેવી ભીતિ સેવાઈ રહી છે. જો આ ફિલ્મમાં શીખોને અલગતાવાદી અને આતંકવાદી તરીકે દર્શાવવામાં આવ્યા છે તો તે એક ઊંડું કાવતરું છે. આ ફિલ્મ અન્ય દેશોમાં શીખો વિરુદ્ધ નફરત ફેલાવવા માટેનો મનોવૈજ્ઞાનિક હુમલો છે, જેના પર સરકારે ધ્યાન આપવું જોઈએ અને બંધ કરવું જોઈએ.

તેણે આગળ લખ્યું, 'દેશમાં શીખો પર નફરતના હુમલાના સમાચાર વારંવાર સામે આવે છે. આવી સ્થિતિમાં, આ ફિલ્મથી શીખ સમુદાય વિરુદ્ધ નફરત પણ ભડકશે. શીખ સમુદાયે આ દેશ માટે મહાન બલિદાન આપ્યા છે, જે ફિલ્મોમાં પૂરી રીતે દર્શાવવામાં આવતા નથી. પરંતુ શીખોને બદનામ કરવાનો દરેક પ્રયાસ અહીંની જાતિ છે. સામુદાયિક સંવાદિતા અને કાયદાકીય વ્યવસ્થા જાળવવા માટે વાંધાજનક ફિલ્મો અને ગીતો પર પ્રતિબંધ મૂકવો જોઈએ. હું હંમેશા સમાજમાં શાંતિ જાળવવા માટે આવી અસામાજિક પ્રવૃત્તિઓ સામે અવાજ ઉઠાવીને રોકવાનો પ્રયત્ન કરું છું. સરબજીત સિંહ ખાલસા બિઅંત સિંહના પુત્ર છે. ઓપરેશન બ્લુ સ્ટાર બાદ ૩૧ ઓક્ટોબર ૧૯૮૪ના રોજ તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની ગોળી મારીને હત્યા કરનાર બે અંગરક્ષકોમાંના એક બિઅંત સિંહ હતા.હવે કંગના રનૌત તેની ફિલ્મ 'ઈમરજન્સી' લઈને આવી રહી છે. જેમાં ૧૯૭૫માં ઈન્દિરા ગાંધી દ્વારા ભારતમાં લાદવામાં આવેલી ઈમરજન્સીના સમયગાળાની વાર્તા, ઈન્દિરાનો સંઘર્ષ અને તેમની હત્યા બતાવવામાં આવશે. કંગના ઈન્દિરા ગાંધીનો રોલ કરી રહી છે. આ ફિલ્મમાં તેની સાથે અનુપમ ખેર, શ્રેયસ તલપડે, મહિમા ચૌધરી, મિલિંદ સોમન, વિશાક નાયર જેવા સ્ટાર્સે કામ કર્યું છે. દિવંગત અભિનેતા સતીશ કૌશિક પણ આમાં મહત્ત્વની ભૂમિકામાં છે.

# ગુજરાત સહિત નવ રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદનું એલર્ટ જાહેર

નવીદિલ્હી,તા.૨૧

ભારતીય હવામાન વિભાગે ગુજરાત સહિત નવ રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદનું ઍલર્ટ જાહેર કર્યું છે. આઈએમડીના જણાવ્યા મુજબ ગુજરાત, રાજસ્થાન, મિઝોરમ, નાગાલેન્ડ, ત્રિપુરા, મણિપુર, કેરળ, આસામ અને મેઘાલયમાં સામાન્યથી ભારે વરસાદ પડવાની સંભાવના છે. હવામાન વિભાગે આ રાજ્યો માટે ઍલર્ટ જાહેર કર્યું છે.ાગાહી મુજબ અમદાવાદ, ગાંધીનગરમાં હળવો વરસાદ પડી શકે છે. મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં હળવો વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાત અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં ૨૨થી ૩૦ ઑગસ્ટ દરમિયાન અતિભારે વરસાદ થવાની સંભાવના છે. બંગાળના ઉપસાગરની સિસ્ટમના તેમજ અરબી સમુદ્ર સિસ્ટમના કારણે આ સમયગાળામાં અતિભારે વરસાદ પડી શકે છે. જ્યારે હિમાચલ પ્રદેશમાં ૨૧થી ૨૬ ઑગસ્ટ દરમિયાન, ઉત્તરાખંડમાં ૨૬ ઑગસ્ટ સુધીમાં, ઉત્તર પ્રદેશમાં ૨૪ ઑગસ્ટ સુધી જુદા જુદા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે મધ્યપ્રદેશમાં ૨૬ ઑગસ્ટ સુધી, મહારાષ્ટ્રમાં ૨૧-૨૬ ઑગસ્ટ વચ્ચે, છત્તીસગઢમાં ૨૪ ઑગસ્ટ સુધી, ગોવામાં ૨૬ ઑગસ્ટ સુધી વરસાદ પડવાની સંભાવના છે.રાજસ્થાનની વાત કરીએ તો અહીં જયપુર સહિત અનેક જિલ્લામાં ભારે વરસાદ નોંધાયો છે. સૌથી વધુ જયપુરમાં ૮૫ મિલીમીટર, ધૌલપુરના રાજાખેડામાં ૭૮, ઝાલાવાડના ગંગધારમાં ૬૫ મીમી વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત કેટલાક વિસ્તારોમાં પાણી ભરાવવાની સમસ્યાના પણ અહેવાલો સામે આવ્યા છે. હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કર્યા બાદ દક્ષિણ ત્રિપુરામાં રેડ ઍલર્ટ અને સાત જિલ્લામાં ઑરેન્જ ઍલર્ટ જાહેર કરાયું છે.

### ઉદ્ધવ ઠાકરેએ ગુડવિલ ડે પર કહ્યું

# 'જ્યારે બાળ ઠાકરેએ રાજીવ ગાંધીની કેન્દ્રીય એજન્સીઓની ટીકા કરી હતી...'

**ભાજપથી અલગ થયા બાદ ૨૦૧૯માં કોંગ્રેસ સાથે હાથ મિલાવનાર ઉદ્ધવ ઠાકરેએ પ્રથમ વખત કોંગ્રેસના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો**

મુંબઈ, તા.૨૧

ભારતીય જનતા પાર્ટીથી અલગ થયા બાદ 2019માં કોંગ્રેસ સાથે હાથ મિલાવનાર ઉદ્ધવ ઠાકરેએ પ્રથમ વખત કોંગ્રેસના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. NCP (SP)ના વડા શરદ પવાર અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપતા, ઠાકરેએ કહ્યું કે 1984માં 400 થી વધુ બેઠકોની વિશાળ બહુમતી હોવા છતાં, તેમણે પંચાયતી રાજને મજબૂત કરવા અને સત્તાના વિકેન્દ્રીકરણ માટે કાયદો બનાવ્યો. શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ મંગળવારે કહ્યું હતું કે અવિભાજિત શિવસેના અને કોંગ્રેસ ભૂતકાળમાં કટ્ટર હરીફ હતા, પરંતુ તેઓએ ક્યારેય એકબીજા પ્રત્યે વેરની ભાવનાથી કામ કર્યું નથી. સ્વર્ગસ્થ રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે આયોજિત 'સદભાવના દિવસ' કાર્યક્રમમાં બોલતા, તેમણે એમ પણ કહ્યું કે પાર્ટીના સ્થાપક બાળ ઠાકરેએ તેમના ભાષણોમાં તત્કાલીન વડા પ્રધાનની ટીકા કરી હોવા છતાં, કેન્દ્રીય એજન્સીઓએ ક્યારેય શિવસેનાના નેતાઓને હેરાન કર્યા નથી.ભારતીય જનતા પાર્ટીથી અલગ થયા બાદ 2019માં કોંગ્રેસ સાથે હાથ મિલાવનાર ઉદ્ધવ ઠાકરેએ પ્રથમ વખત કોંગ્રેસના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. NCP (SP)ના વડા શરદ પવાર અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપતા, ઠાકરેએ કહ્યું કે 1984માં 400 થી વધુ બેઠકોની વિશાળ બહુમતી હોવા છતાં, તેમણે પંચાયતી રાજને મજબૂત કરવા અને સત્તાના વિકેન્દ્રીકરણ માટે કાયદો બનાવ્યો.પીટીઆઈ અનુસાર, ઠાકરેએ કહ્યું, "શિવસેના અને કોંગ્રેસ કટ્ટર હરીફ હતા,

પરંતુ તેઓએ ક્યારેય એકબીજા પ્રત્યે વેરની ભાવનાથી કામ કર્યું નથી." ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે, "શિવસેનાના વડા બાળ ઠાકરેએ રાજીવ ગાંધી (જ્યારે ગાંધી વડાપ્રધાન હતા)ની આકરી ટીકા કરી હતી, પરંતુ મને યાદ નથી કે સીબીઆઈ, ઈડી કે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે ક્યારેય તેમને ખટખટાવ્યા હોય. શિવસેનાના નેતાઓના દરવાજા." હા, રાજીવ ગાંધી પડકારોનો સામનો કરવામાં ક્યારેય ડર્યા નથી અને હિંમતભેર તેનો સામનો કર્યો છે."તેમણે પંજાબ અને ઉત્તર-પૂર્વ ભારતમાં ઉગ્રવાદનો સામનો કરવા માટે ભૂતપૂર્વ વડા પ્રધાન દ્વારા લેવામાં આવેલા પગલાંનો ઉલ્લેખ કર્યો. એનડીએ સરકાર પર વધુ કટાક્ષ કરતા તેમણે કહ્યું, "પરંતુ (હવે વલણ એ છે કે) મણિપુર અને કાશ્મીરને સળગવા દો." ઠાકરેએ ભાજપ પર "પાવર-જેહાદ"નો આશરો લેવાનો પણ આરોપ લગાવ્યો.તેમણે કહ્યું કે વિપક્ષ સામાન્ય ચૂંટણીમાં લોકસભામાં ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનની તાકાત ઘટાડવામાં સફળ થયો, પરંતુ મહારાષ્ટ્રમાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં શાસક ગઠબંધનને નિર્ણાયક રીતે પરાજિત કરવું પડશે.

### રાજ્ય સરકારે વિધાનસભા ગૃહમાં હૈયાધારણ આપી

# ભારે વરસાદના લીધે નુકસાની સહન કરનારા ખેડૂતને સહાય ચૂકવાશે

**રાજ્યના અમુક વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો છે અને તેના લીધે ખેડૂતોને જ્યાં પણ નુકસાન થયું છે તેમને સહાય ચૂકવાશે**

અમદાવાદ,તા.૨૧

રાજ્ય સરકારે વિધાનસભા ગૃહમાં હૈયાધારણ આપી છે કે રાજ્યના અમુક વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો છે અને તેના લીધે ખેડૂતોને જ્યાં પણ નુકસાન થયું છે તેમને સહાય ચૂકવાશે. વિધાનસભામાં આજે તાકીદની જાહેર અગત્યની બાબત હેઠળ ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયાએ સૌરાષ્ટ્રના પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને જૂનાગઢ જિલ્લાના ૧૬ તાલુકામાં અને તેમાંય ખાસ કરીને ઘેડ વિસ્તારમાં અતિ ભારે વરસાદ થવાથી ખેડૂનોના પાકને થયેલ નુકશાન સામે રાજ્ય સરકાર એસ.ડી.આર.એફ. ના ધોરણો મુજબ ખેડૂતોને સહાય કરવા માંગે છે કે કેમે તે અંગે પ્રશ્ન કર્યો હતો.

તેના જવાબમાં માનનીય કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદથી નુકશાન થયું છે ત્યાં તાત્કાલિક અસરથી સર્વે ચાલુ કર્યો છે, સર્વેની કામગીરી પૂર્ણ થવાના આરે છે, સર્વે બાદ જે કેસમાં ખેડૂતને ૩૩% થી વધારે નુકશાન થયેલ હશે તે કેસમાં એસ.ડી.આર.એફ. ના ધારા-ધોરણો મુજબ હેક્ટર દીઠ રૂપિયા ૮,૫૦૦ ની સહાય બે હેક્ટરની મર્યાદામાં સહાય કરવામાં આવશે. આ ઉપરાંત માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલે ખાતરી આપી હતી કે એસ.ડી.આર.એફ. ના ધારા-ધોરણોથી પણ વધારે સહાયની જરૂર જણાશે તો સરકાર તે મુજબ સહાય આપવા માટે તૈયાર છે. ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે જે ખેડૂતોને ભારે વરસાદના કારણે નુકસાન થયેલ છે તે ખેડૂતોને રાજ્ય સરકારે ઉદાર હાથે સહાય આપવાની તૈયારી દર્શાવી છે. જે માટે હું માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલનો આભાર માનું છું.અર્જુનભાઈ મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું હતું કે ઘેડ વિસ્તારમાં જે કાયમી ધોરણે પાણી ભરાઈ જવાની સમસ્યા છે અને ઝડપથી પાણીનો નિકાલ થઈ શકતો નથી. તેના કારણે દર વર્ષે ચોમાસામાં જે નુકસાન થાય છે તેને નિવારવા માટે ગત વર્ષે હું જ્યારે વિપક્ષનો સભ્ય હતો ત્યારે પણ રજૂઆત કરી હતી અને તે વખતે સીએમ ભુપેન્દ્રભાઈ પટેલે ઘેડ વિસ્તારનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. તેમજ માનનીય જળસંપત્તિ અને સિંચાઈ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ પણ સ્થળની મુલાકાત લીધી હતી. તે પછી માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સૂચનાથી સેકોન પ્રા.લી. નામની રાષ્ટ્રીય સ્તરની એન્જિનીયરીંગ કંપનીને સ્થિતિનો અભ્યાસ કરીને તેના ઉકેલો સૂચવવા અંગેનો અહેવાલ તૈયાર કરવાની કામગીરી સોંપાઈ હતી. આ કામગીરી અંતિમ તબક્કામા છે.એકાદ બે મહિનામાં આ અહેવાલ સુપરત થઈ જાય તેના આધારે જે કંઈ નદીઓ, ઉંડી પહોળી કરવાની કામગીરી, કેનાલો બનાવવાની છે અને નદીઓના મુખ પહોંળા કરવાના છે અને એ ઉપરાંત જે પાણી સંગ્રહ સહિતની યોજનાઓ કાર્યરત થશે તો ઘેડ વિસ્તારની આ સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે ઘેડ બામણાસાથી શરૂ કરીને બાલાગામ સુધીનો ૧૨ કી.મી. નો વિસ્તાર છે કે જ્યાં ઓઝત નદી એકદમ સાંકડી થઈ ગઈ છે, ત્યાં તમામ ખેડૂતોએ દબાણો દૂર કરવાની ખાતરી આપેલી છે, તેમજ નદીની વહન ક્ષમતા એક લાખ ૩૬ હજાર ક્યુસેક હોવી જોઈએ તેની સામે આજે ૨૫-૨૬ હજાર ક્યુસેક જ રહી છે, ત્યારે નદીની પૂરતી ક્ષમતા વધે તે માટે ખેડૂતો દબાણ દુર કરવા સહમત થયા છે.

### SC-ST અનામતમાં ક્રીમીલેયરનો વિરોધ

# બિહારમાં ટ્રેન રોકી દેવાઈ રાજસ્થાનના ભરતપુરમાં નેટ બંધ

**SC-ST અનામતમાં ક્રીમી લેયર લાગુ કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે ૧૪ કલાકના ભારત બંધનું એલાન કરવામાં આવ્યું**

નવી દિલ્હી, તા.૨૧

SC-ST અનામતમાં ક્રીમી લેયર લાગુ કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે બુધવારે (21 ઓગસ્ટ) 14 કલાકના ભારત બંધનું એલાન કરવામાં આવ્યું છે. નેશનલ કોન્ફેડરેશન ઓફ દલિત એન્ડ ટ્રાઈબલ ઓર્ગેનાઈઝેશન (NACDAOR)ના નેતૃત્વમાં વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા છે. બંધની સૌથી વધુ અસર બિહારમાં જોવા મળી રહી છે. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં પ્રદર્શનકારીઓ રસ્તા પર આવીને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. રાજસ્થાનના જયપુરમાં સાવચેતીના પગલારૂપે શાળાઓ અને કોચિંગ સેન્ટરો બંધ કરી દેવામાં આવ્યા છે. નેશનલ કોન્ફેડરેશન ઓફ દલિત એન્ડ ટ્રાઈબલ ઓર્ગેનાઈઝેશન (NACDAOR) એ કોર્ટના સૂચનને દલિતો અને આદિવાસીઓના બંધારણીય અધિકારોની વિરુદ્ધ ગણાવ્યું છે. તેમજ તેને રદ કરવા કેન્દ્ર સરકાર પાસે માંગણી કરી હતી. ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ), કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ આ દેશવ્યાપી હડતાળને સમર્થન આપ્યું છે. જેએમએમએ તેના તમામ નેતાઓ, જિલ્લા પ્રમુખો, સચિવો અને જિલ્લા સંયોજકોને આ હડતાળમાં ભાગ લેવા જણાવ્યું છે. NACDAOR SC-ST અનામતમાં ક્રીમી લેયર લાગુ કરવાના સુપ્રીમ કોર્ટની 7 જજની બેન્ચના નિર્ણયના વિરોધમાં છે. સંગઠનનું કહેવું છે કે સુપ્રીમ કોર્ટનો તાજેતરનો નિર્ણય સીમાચિહ્નરૂપ ઈન્દિરા સાહની કેસમાં નવ ન્યાયાધીશોની બેન્ચના અગાઉના નિર્ણયને નબળો પાડે છે, જેણે ભારતમાં અનામત માટે માળખું સ્થાપિત કર્યું હતું. હાલના નિર્ણયથી SC-STના બંધારણીય અધિકારો પર ખતરો છે. સુપ્રીમ કોર્ટે ગુરુવારે (1 ઓગસ્ટ) આ સંદર્ભમાં મોટો નિર્ણય સંભળાવ્યો હતો. રાજ્ય સરકારો હવે અનુસૂચિત જાતિ એટલે કે SC ને અનામતમાં ક્વોટા આપી શકશે. કોર્ટે પોતાના જ 20 વર્ષ જૂના નિર્ણયને પલટી નાખ્યો હતો. ત્યારે કોર્ટે કહ્યું હતું કે અનુસૂચિત જાતિઓ પોતાનામાં એક જૂથ છે, તેમાં સમાવિષ્ટ જાતિઓના આધારે વધુ વિભાજન કરી શકાય નહીં. કોર્ટે પોતાના નવા નિર્ણયમાં રાજ્યોને જરૂરી સૂચનાઓ પણ આપી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે રાજ્ય સરકારો મનસ્વી રીતે નિર્ણય લઈ શકે નહીં. આ નિર્ણય સુપ્રીમ કોર્ટના 7 જજોની બંધારણીય બેંચનો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે અનુસૂચિત જાતિને તેમાં સમાવિષ્ટ જાતિઓના આધારે વિભાજીત કરવી બંધારણની કલમ 341ની વિરુદ્ધ નથી. અનુસૂચિત જાતિ-જનજાતિ (SC-ST) અનામતમાં ક્રીમી લેયર પર સુપ્રીમ કોર્ટના નિર્ણયના વિરોધમાં આજે ભારત બંધનું એલાન કરવામાં આવ્યું છે. કોંગ્રેસે પણ રાજસ્થાનમાં બંધને સમર્થન આપ્યું છે. જિલ્લા કલેક્ટરે રાજ્યના 16 જિલ્લાની શાળાઓમાં રજા જાહેર કરી છે. SC-ST અનામતમાં વર્ગીકરણના નિર્ણય વિરુદ્ધ ભારત બંધની મધ્યપ્રદેશમાં મિશ્ર અસર જોવા મળી રહી છે. ગ્વાલિયરની ઘણી સ્કૂલોએ આજે રજા જાહેર કરી છે. ગ્વાલિયર કલેક્ટરે મંગળવાર રાતથી જ કલમ 144ના આદેશનો અમલ કર્યો હતો. ભોપાલ, ઈન્દોર અને ઉજ્જૈન સહિત અનેક જિલ્લાઓમાં સ્કૂલો ચાલુ છે.

### સુબ્રમણ્યમ સ્વામીની અરજી PIL તરીકે સૂચિબદ્ધ

# HC રાહુલ ગાંધીની નાગરિકતા રદ કરવાની અરજી પર સુનાવણી કરશે

**કોર્ટમાં હાજર થયેલા સ્વામીએ કહ્યું કે જો હાઈકોર્ટને લાગે છે કે આ અરજીની સુનાવણી પીઆઈએલ તરીકે થવી જોઈએ**

નવી દિલ્હી, તા.૨૧

દિલ્હી હાઈકોર્ટ ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીની પીઆઈએલ તરીકે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારતીય નાગરિકતા રદ કરવા અંગેની અરજી પર સુનાવણી કરશે. તેમની અરજીમાં સ્વામીએ કોર્ટને વિનંતી કરી છે કે તેઓ ગૃહ મંત્રાલયને તેમની રજૂઆત પર નિર્ણય લેવાનો નિર્દેશ આપે. અગાઉ મંગળવારે, કોર્ટે સ્વામીને પૂછ્યું હતું કે આ મામલે તેમની પાસે કાયદેસર રીતે કયા અધિકારો છે.જસ્ટિસ સંજીવ નરુલાએ કહ્યું કે જો કોઈ અધિકાર હોય તો તેને માત્ર જનહિત તરીકે જ ગણી શકાય, તેનાથી વધુ કંઈ નહીં. ન્યાયાધીશે કહ્યું, 'શ્રી સ્વામી, મને આ કેસમાં લાગુ પડતો કોઈ કાયદેસર અનુમતિપાત્ર અધિકાર મળ્યો નથી.'કોર્ટમાં હાજર થયેલા સ્વામીએ કહ્યું કે જો હાઈકોર્ટને લાગે છે કે આ અરજીની સુનાવણી પીઆઈએલ તરીકે થવી જોઈએ, તો કોર્ટને તેને પીઆઈએલની સુનાવણી કરતી બેન્ચને મોકલવાનો અધિકાર છે. તેમણે કહ્યું, 'આ ભારત સરકાર સાથે સંબંધિત મામલો છે. હું આ અંગત લાભ માટે નથી કરી રહ્યો.સ્વામીએ કહ્યું કે તેમના દ્વારા ગૃહ મંત્રાલયને મોકલવામાં આવેલી ફરિયાદ સ્વીકારી લેવામાં આવી છે અને રાહુલ ગાંધીને તેનો જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. જો કે, ત્યારથી આ બાબતે કોઈ પ્રગતિ થઈ નથી અને ન તો તેમને કોઈ માહિતી આપવામાં આવી છે, એમ તેમણે જણાવ્યું હતું.કોર્ટે કહ્યું, '(આ કેસમાં) કોર્ટને મોટાભાગે એવું લાગી શકે છે કે તેમાં જાહેર હિત સામેલ હોઈ શકે છે, જે સ્વામી હાલની અરજી દ્વારા ઉઠાવવા માંગે છે. ઉપરોક્ત તથ્યોને ધ્યાનમાં રાખીને, પીઆઈએલની સુનાવણી કરતી બેંચ સમક્ષ આ બાબતની યાદી થવી જોઈએ.સ્વામીએ તેમની અરજીમાં ગૃહ મંત્રાલયને લોકસભામાં વિપક્ષના નેતા ગાંધી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી તેમની રજૂઆત પર સ્ટેટસ રિપોર્ટ સબમિટ કરવા માટે પણ નિર્દેશ માંગ્યો હતો. એડવોકેટ સત્ય સભરવાલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે ૬ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ સ્વામીએ મંત્રાલયને પત્ર લખ્યો હતો. તેમણે મંત્રાલયને કહ્યું હતું કે ગાંધીજીએ બ્રિટિશ સરકારને કહ્યું હતું કે તેઓ બ્રિટિશ નાગરિક છે.સ્વામીએ પોતાની અરજીમાં કહ્યું છે કે કોંગ્રેસના નેતાએ ભારતીય નાગરિક હોવાને કારણે બંધારણની કલમ ૯ અને ભારતીય નાગરિકતા કાયદાનું ઉલ્લંઘન કર્યું છે અને હવે તે ભારતીય નાગરિક રહેશે નહીં.

# PI – PSIની બદલીને લઈને જારી કરાયેલા પરિપત્ર પર DGPની સ્પષ્ટતા સામે આવી

**પીઆઈ અને પીએસઆઈની પડોશી જિલ્લાઓમાં બદલી નહીં કરી શકાય તેવો મહત્વનો નિર્ણય ગૃહ વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે**

અમદાવાદ,તા.૨૧

PI – PSIની બદલીને લઈને જારી કરાયેલા પરિપત્ર પર DGPની સ્પષ્ટતા સામે આવી છે. થોડા દિવસો પહેલા PI-PSIની બદલીના નામે એક પરિપત્ર વાયરલ થયો હતો. વાયરલ થયેલા પરિપત્રના મામલામાં સ્પષ્ટતા આપતા ડ્ઢૈં વિકાસ સહાયે કહ્યું કે, "આવો કોઈ પરિપત્ર નથી." નોંધનીય છે કે થોડા દિવસો પહેલા એક પરિપત્ર વાયરલ થયો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે એક જ ઝોન કે જિલ્લામાં કાર્યરત PI-PSIની તે ઝોન, જિલ્લા કે નજીકના જિલ્લામાં બદલી કરી શકાશે નહીં. જો કે આ વાઈરલ પરિપત્ર બાદ પોલીસ અધિકારીઓમાં છુપો રોષ જોવા મળી રહ્યો છે. પોલીસ વિભાગમાં અનુશાસનહીનતાને જોતા, કેટલાક અધિકારીઓ જાહેરમાં બોલતા અથવા ઉચ્ચ અધિકારીઓને આ બાબતની જાણ કરતા ડરતા હતા.

PI અને PSIની બદલી અંગે એક પત્ર જારી કરવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતંક કે, "PI અને PSIની બદલીની પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા અને તમામ અધિકારીઓને રાજ્યના વિવિધ ક્ષેત્રોમાં ફરજ બજાવવાની તક આપવા માટે, તરફથી એક પત્ર એક જ ઝોનમાં ફરજ બજાવતા પીઆઈ અને પીએસઆઈની પડોશી જિલ્લાઓમાં બદલી નહીં કરી શકાય તેવો મહત્વનો નિર્ણય ગૃહ વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે. અને પોલીસ અધિક્ષક, પોલીસ કમિશ્નર, રેન્જના ઈન્ચાર્જ આઈપીએસ અધિકારીઓને અરજી કરશે નહીં." વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, "નવી પોસ્ટિંગ પોલિસીના અમલીકરણ માટે રાજ્યના ૯ રેન્જના આધારે ૩૪ જિલ્લા, ૪ કમિશનરેટને ઝોનમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં એક ઝોનમાં કામ કરતા અધિકારીઓની બદલી કરવાનો નિર્ણય ઑગસ્ટ ૨૦૨૪ થી પૂર્વવર્તી અસર સાથે અન્ય ઝોનમાં લેવામાં આવ્યો છે. સમગ્ર મામલે સો ટચ સોનાનો સવાલ એ છે કે, જો આ પરિપત્ર કરાયો DGP અને ગૃહવિભાગ દ્વારા કરાયો નથીપ તો કોના દ્વારા પરિપત્ર કરવામાં આવ્યો અને વાયરલ કરાયો શું આ મુદ્દે તપાસ થશે કે કોઈ રાજકીય આગેવાનોના આગ્રહ હતો કે પોતાના વ્હાલા અધિકારીઓ જીલ્લા કે રેંજ બહાર નાં જાય અને એકબીજાનું સચવાયેલું રહે ? હવે અંતે હવે આ વાઈરલ પરિપત્ર અંગે ગૃહ વિભાગ અને રાજયના DGP તપાસ કરે તો જ ખરું સત્ય સામે આવશે તે જોવું રહ્યું.

### તપાસ એજન્સીએ તેને નકલી ગણાવ્યો

# કોલકાતા રેપ અને મર્ડર કેસ અંગે સીબીઆઈનો પત્ર વાયરલ થયો

**સીબીઆઈએ કહ્યું કે આ કેસની તપાસ દિલ્હીમાં સીબીઆઈ હેડક્વાર્ટર દ્વારા કરવામાં આવી રહી છે અને પત્રની સામગ્રી નકલી છે**

નવી દિલ્હી, તા.૨૧

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ મંગળવારે કોલકાતાની RG કાર મેડિકલ કૉલેજના ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા કેસની તપાસ અંગે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા નકલી પત્રને નકારી કાઢ્યો હતો. સોશિયલ મીડિયા પર મોટા પ્રમાણમાં ફરતા થઈ રહેલા આ પત્રમાં ડૉ.આકાશ નાગ નામની વ્યક્તિની સહી છે.CBI દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "ડૉ. આકાશ નાગના નામે એક નકલી પત્ર વાયરલ થઈ રહ્યો છે, જેમાં વ્યક્તિએ પોતાને DIG, જોઈન્ટ ડાયરેક્ટર, ક્રાઈમ બ્રાન્ચ, કોલકાતા તરીકે દર્શાવ્યો છે. આ પત્ર સત્તાવાર બેનર હેઠળ છે. સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન બ્યુરો, નાયબ મહાનિરીક્ષકની કચેરી, ભ્રષ્ટાચાર વિરોધી શાખા, કોલકાતા", જે સોશિયલ મીડિયા પર વ્હોટ્સએપ વગેરે દ્વારા પ્રસારિત થઈ રહી છે.

આ પત્ર કોલકાતાની આરજી કાર હોસ્પિટલના તાલીમાર્થી ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યા સાથે સંબંધિત કેસ વિશે છે."વધુમાં, સીબીઆઈએ કહ્યું કે આ કેસની તપાસ દિલ્હીમાં સીબીઆઈ હેડક્વાર્ટર દ્વારા કરવામાં આવી રહી છે અને પત્રની સામગ્રી નકલી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, "એ સ્પષ્ટ કરવામાં આવે છે કે આ પત્ર નકલી છે. આ કેસની તપાસ સીબીઆઈ હેડક્વાર્ટર, દિલ્હી દ્વારા કરવામાં આવી રહી છે. વધુમાં, ડૉ. આકાશ નાગ, ડીઆઈજી, જોઈન્ટ ડાયરેક્ટર, ક્રાઈમ બ્રાન્ચ, એસીબી, કોલકાતા દ્વારા સીબીઆઈમાં કોઈ અધિકારી નથી. નામ અને હોદ્દો આ પત્રની સામગ્રી ખોટી છે અને તેથી તે સખત રીતે રદિયો આપે છે."સીબીઆઈએ તેના નિવેદનમાં જણાવ્યું હતું કે સામાન્ય જનતા અને તમામ હિતધારકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ આ પત્ર અથવા તેના જેવા કોઈપણ તોફાની સંદેશાવ્યવહારની અવગણના કરે. તે પુનરોચ્ચાર કરવામાં આવે છે કે સીબીઆઈ તમામ પ્રમાણભૂત પ્રક્રિયાઓને અનુસરીને અને સંપૂર્ણ વ્યવસાયિક રીતે કેસની તપાસ કરી રહી છે.

### મંગળવારે સોનાએ રેકોર્ડબ્રેક ઉછાળો માર્યો હતો

# સોનાએ લગાવી મોટી છલાંગ, એક દિવસમાં તોડ્યો મહિનાનો રેકોર્ડ

**૨૩ જૂલાઈએ સોનાની કિંમત ૩,૩૫૦ રૂપિયા ઘટીને ૭૨,૩૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ હતી**

નવી દિલ્હી, તા.૨૧

નાણા પ્રધાન નિર્મલા સીતારમણના બજેટ ૨૦૨૪ રજૂ થયા પછી સોના અને ચાંદીના ભાવમાં મોટો ઘટાડો થયો હતો. જેના કારણે સોનું ખરીદવા માંગતા લોકોને લાગ્યું હતું કે હવે ગોલ્ડ ખરીદવાનો યોગ્ય સમય છે. પરંતુ થોડા દિવસો બાદ સોનાએ ફરી લાંબી છલાંગ લગાવી હતી. મંગળવારે સોનાએ રેકોર્ડબ્રેક ઉછાળો માર્યો હતો અને એક જ દિવસમાં ૧૪૦૦ રૂપિયાનો વધારો થયો હતો. સોનામાં એક મહિનામાં સૌથી વધુ વધારો નોંધાયો છે. ચાંદીના ભાવમાં પણ ૩૧૦૦ રૂપિયાનો જંગી વધારો નોંધાયો છે. વૈશ્વિક માંગને કારણે મંગળવારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના બુલિયન માર્કેટમાં સોનાની કિંમત ૧૪૦૦ રૂપિયા વધીને ૭૪,૧૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગઈ છે.



શુક્રવારે છેલ્લા ટ્રેડિંગ સેશનમાં સોનું ૭૨,૭૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું. ચાંદીનો ભાવ પણ ૩,૧૫૦ વધીને ૮૭,૧૫૦ રૂપિયા પ્રતિ કિલોએ બંધ રહ્યો હતો, જ્યારે તેનો અગાઉનો બંધ ભાવ ૮૪,૦૦૦ પ્રતિ કિલો હતો. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા સોના પરની આયાત ડ્યૂટી ઘટાડવાની જાહેરાત બાદ ગોલ્ડની કિંમતો સતત ઘટી રહી હતી. ૨૩ જૂલાઈએ સોનાની કિંમત ૩,૩૫૦ રૂપિયા ઘટીને ૭૨,૩૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ હતી. દરમિયાન દિલ્હીમાં, ૯૯.૯ ટકા અને ૯૯.૫ ટકા શુદ્ધતાનું સોનું તેના અગાઉના બંધ ભાવની સરખામણીએ ૧,૪૦૦ રૂપિયા વધીને ૭૪,૧૫૦ અને ૭૩,૮૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું. સ્થાનિક જ્વેલર્સની વધતી માંગ સાથે વૈશ્વિક મજબૂત વલણને કારણે સોનાના ભાવમાં વધારો થવાનું કારણ વેપારીઓએ જણાવ્યું હતું. વૈશ્વિક સ્તરે સોનું ૧૮.૮૦ ડોલર પ્રતિ ઔંસ વધીને ૨,૫૬૦.૧૦ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ કરી રહ્યું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદીની કિંમત પણ વધીને ૩૦.૧૯ ડોલર પ્રતિ ઔંસ થઈ ગઈ છે.

### ST વિભાગે વિશેષ વ્યવસ્થા કરી

# જન્માષ્ટમી પર્વ પરને લઈને ST વિભાગે દ્વારા એકસ્ટ્રા બસો શરૂ કરવામાં આવી

**ST વિભાગ દ્વારા ૫૦ એકસ્ટ્રા બસો શરૂ કરવામાં આવી છે જુનાગઢ, જામનગર, મોરબી, સુરત, અમદાવાદ રૂટ પર બસો શરૂ થઇ છે**

રાજકોટ,તા.૨૧

રાજકોટમાં જન્માષ્ટમી પર્વ પરને લઈને ST વિભાગે વિશેષ વ્યવસ્થા કરી છે. ST વિભાગ દ્વારા ૫૦ એકસ્ટ્રા બસો શરૂ કરવામાં આવી છે. જુનાગઢ, જામનગર, મોરબી, સુરત, અમદાવાદ રૂટ પર બસો શરૂ થઈ છે. વિદ્યાનગર, બોટાદ, ભાવનગર રૂટ પર પણ બસો શરૂ કરાઈ છે. ૫૦ વ્યક્તિઓ એકસાથે ટિકીટ બુક કરાવે તો એક્સ્ટ્રા બસની પણ ફાળવણી કરવામાં આવશે.સૌરાષ્ટ્રના જન્માષ્ટમીના લોકમેળાને લઈને થયો મોટો ખુલાસો:બીજી તરફ સૌરાષ્ટ્રના જન્માષ્ટમીના લોકમેળાને લઇને સૌથી મોટો ખુલાસો થયો છે. SOPની રચના બાદ પણ મેળામાં લોકસુરક્ષા મુદ્દે આંખ આડા કાન કર્યા છે. સૌરાષ્ટ્રના સૌથી મોટા લોકમેળાના આયોજન પહેલા નવો વિવાદ શરુ થયો છે.

રાજકોટના જન્માષ્ટમીના લોકમેળામાં સુરક્ષાને લઈને સવાલો સર્જાયા છે.ફાઉન્ડેશન વગર જ લોકમેળામાં તોતીંગ રાઈડ્સ ખડકી દેવામાં આવી છે. SOPની કડક અમલવારીના દાવાઓ વચ્ચે ફાઉન્ડેશનને લઈને સવાલ ઉઠ્યા છે.પથ્થરો અને લાકડાના ટેકા પર વિશાળ રાઈડ્સ ઉભી કરવામાં આવી છે.

### 'તેઓએ પુતિનને નમન કર્યા છે...'

# રાષ્ટ્રપતિ બિડેને ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનમાં ટ્રમ્પ પર આકરા પ્રહારો કર્યા

**ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખપદના ઉમેદવાર અને વર્તમાન ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનના પ્રથમ દિવસે રાષ્ટ્રપતિ બિડેન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી**

નવી દિલ્હી, તા.૨૧

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીને હવે ગણતરીના મહિનાઓ જ બાકી છે. દેશની બંને મુખ્ય પાર્ટીઓ ડેમોક્રેટિક અને રિપબ્લિકનના રાષ્ટ્રપતિ પદના ઉમેદવારો કમલા હેરિસ અને ડોનાલ્ડ ટ્રમ્પ ચૂંટણી માટે આક્રમક પ્રચાર કરી રહ્યા છે. દરમિયાન, શિકાગોમાં આયોજિત ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનના પ્રથમ દિવસે રાષ્ટ્રપતિ જો બિડેને ટ્રમ્પ પર ઉગ્ર નિશાન સાધ્યું હતું.બિડેને કહ્યું કે પરિવાર જ બધું છે. હું તમને પ્રેમ કરું છું. અમેરિકા, હું તને ખૂબ પ્રેમ કરું છું. હું તમને પૂછવા માંગુ છું, શું તમે લોકો સ્વતંત્રતા, લોકશાહી અને અમેરિકા માટે મત આપવા તૈયાર છો? શું તમે કમલા હેરિસ અને ટિમ વોલ્ઝને મત આપવા તૈયાર છો?તેમણે કહ્યું કે અમેરિકામાં રાજકીય હિંસા માટે કોઈ સ્થાન નથી. જીત્યા પછી તમે એમ ન કહી શકો કે તમે આ દેશને પ્રેમ કરો છો.તેમણે કહ્યું કે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકા વિશે વાત કરે છે કે અમેરિકા એક વિઘટનશીલ દેશ છે, તો પછી તે વિશ્વને શું સંદેશ આપે છે તેના વિશે વિચારો. તે કહે છે કે અમે હારી રહ્યા છીએ, વાસ્તવમાં તે (ટ્રમ્પ) હારેલા છે. વિશ્વના એક એવા દેશનું નામ જણાવો જે એવું ન વિચારે કે આપણે વિશ્વમાં મોખરે છીએ? અમેરિકા જીતી રહ્યું છે. અમેરિકા હવે ડોનાલ્ડ ટ્રમ્પના અગાઉના કાર્યકાળ કરતાં વધુ સમૃદ્ધ અને સુરક્ષિત છે.

ટ્રમ્પ અમેરિકામાં ગુના અંગે સતત જુઠ્ઠુ બોલે છે.તેમણે (ટ્રમ્પ) દેશના સૈનિકોને હારેલા કહ્યા છે. તેને લાગે છે કે તે કોણ છે? તેઓ પુતિન સમક્ષ નતમસ્તક થયા છે. કમલા હેરિસ અને હું આવું ક્યારેય કરતા નથી.ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખપદના ઉમેદવાર અને વર્તમાન ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનના પ્રથમ દિવસે રાષ્ટ્રપતિ બિડેનનો આભાર વ્યક્ત કર્યો હતો. હેરિસે કહ્યું, તમારા (બિડેન) ઐતિહાસિક નેતૃત્વ અને દેશની સેવા માટે આભાર. અમે તમારા આભારી છીએ. ચાલો આપણે એવા આદર્શો માટે લડીએ જેને આપણે વળગી રહ્યા છીએ. જ્યારે પણ આપણે લડીએ છીએ ત્યારે જીતીએ છીએ.રાષ્ટ્રપતિ બિડેને કહ્યું કે તેમણે દેશની સેવા કરવા માટે પોતાનું સર્વશ્રેષ્ઠ આપ્યું છે અને ભવિષ્ય વિશે પણ આશાવાદી છે. તેણે કહ્યું કે મેં મારી કારકિર્દીમાં ઘણી ભૂલો કરી છે પરંતુ મેં ૫૦ વર્ષ સુધી મારું સર્વશ્રેષ્ઠ આપ્યું છે. મેં આ દેશની મારા તન-મનથી સેવા કરી છે અને તેના બદલામાં મને અમેરિકન લોકો તરફથી પુષ્કળ સમર્થન મળ્યું છે.બિડેને કહ્યું કે અમે ગાઝા યુદ્ધને સમાપ્ત કરવા માટે ચોવીસ કલાક કામ કરી રહ્યા છીએ.

ગાઝામાં દરેક કિંમતે યુદ્ધવિરામ થવો જોઈએ. તેમના સંબોધન દરમિયાન ભીડ 'વી લવ યુ જો' ના નારા લગાવતી રહી.તમને જણાવી દઈએ કે ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનના પહેલા દિવસની થીમ 'લોકો માટે' છે. પૂર્વ રાષ્ટ્રપતિ ઓબામા પણ સંમેલનને સંબોધશે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને ભૂતપૂર્વ સ્પીકર નેન્સી પેલોસી પણ 'એ ફાઈટ ફોર ફ્રીડમ' થીમ હેઠળ બુધવારે પાર્ટીના સંમેલનને સંબોધિત કરશે. આ ઉપરાંત ડફ એમહોફ, સેનેટર ચક શૂમર, હાઉસ માઈનોરિટી હકીમ જેફ્રીઝ પણ સંમેલનને સંબોધશે.

# અમરેલી ખાતે 'રૂપાયતન' સંસ્થામાં ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી



અમરેલી સ્વામી વિવેકનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતન સંચાલિત દીપક હાઈસ્કુલ તથા ત્રણેય પ્રાથમિક શાળાઓ–બાલ મંદિરોના સંપુકત ઉપક્રમે ૭૮માંસ્વાતંત્ર્ય પર્વની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી. શ્રી એન.ડી. સંઘવી 'રૂપાયતન' પ્રાથમિક શાળા મણીનગર વિભાગના વિશાળ મેદાનમાં યોજાયેલ. આ કાર્યક્રમમાં શિક્ષકો અશરફભાઈ પરમાર તથા સત્યકામભાઈ ભટ્ટના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. પરિવારવતી રવજીભાઈ કાચાએ પ્રાસંગિક ઉદબોધન કરી સૌને સ્વાતંત્ર્યદિનની શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ આપણા આ ગૌરવસમા પર્વની ઉજવણીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો હતો. બાળકોએ દેશભકિત ગીત, અભિનય ગીત, કારગીલ વિજયના ૨૫ વર્ષ રજત જયંતી નિમિતે સૌનિકોની બલીદાનની યશગાથાનું કથન યોગાસન, પિરામીડ, ઘુમર તથા વકતૃત્વ રજૂ કર્યા હતાં. કાર્યક્રમમાં પૂર્ણ થયા બાદ મહેમાનોને હસ્તે આંબાની કલમનું આરોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી રવજીભાઈ કાચા, રજનીભાઈ મહેતા, આચાર્યો ડો. અમીતભાઈ ઉપાધ્યાય, ભારતીબેન ગોહિલ, મીનાક્ષીબેન ઠાકર, સુપરવાઈઝર હર્ષાબેન કાતરિયા, સ્ટાફના તમામ શિક્ષક ભાઈ–બહેનો, બાળકો, શુભેચ્છકો તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં. એમ આચાર્યની યાદીમાં જણાવાયું છે.

## અમરેલી : હનુમાનપરાનાં મંદિરોમાં પેવિંગ બ્લોક લગાવવા માંગ

અમરેલી, તા. ૨૧

અમરેલી શહેરના હનુમાનપરા, સત્યાનારાગત સોસાયટી, અમરેલી મુકામે આવેલ સંકટમોચન હનુમાન મંદિર તેમજ નિલેશ્વર મહાદેવ મંદિર પટાંગણમાં પેવીંગ/બ્લોક તાત્કાલીક નાખી આપવા નગરસેવિકા સેજલબેન સોલંકીએ ચીફ ઓફીરસને પત્ર પાઠવેલ છે.




## ચાંદગઢમાં બિરાજતા શ્રી સુખનાથ મહાદેવ

અમરેલી, તા. ૧૪

અમરેલી તાલુકાના ચાંદગઢ શ્રી રાજબાઈ માતાજીનાં મઢની નજીક બિરાજતા સુખનાથ મહાદેવ છે. શ્રાવણ માસ ચાંદગઢ ગામના બધા લોકો ભકતો શિવમય બની પુજા કરે છે. શિવ–શંકરની બાજુમાં હનુમાનજી પણ લીકડાની વચ્ચો–વચ્ચ બિરાજમાન છે. નાની એક શિવલીંગ રૂપે શ્રી સુખનાથ મહાદેવ ભકતોની સેવાનું સારૂ ફળ આપે છે. શિવ–શકિત અને નારાયણ ત્રણનો વાસ છે. શ્રી સુખનાથ મહાદેવ શ્રી પાર્વતીજી અને શ્રી રાજબાઈ માતાજી તેમજ લીમડાવાળા હનુમાનજી શ્રાવણના બધા સોમવારે દિપમાળા થાય છે. મંદિરના પુજારી રમેશભાઈ તેરૈયા છે. તેમાં ચાંદગઢના પત્રકાર ગીરીશભાઈ ઠાકરની યાદી જણાવે છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી નાગરિક સહકારી બેન્કનાં**

કરવાનો બેંકનો અધિકાર હોય અને અગાઉ પણ આ દિશામાં કડક પગલા ભરતા નાગરિક સરકારી બેંકે બાકીદારો સામે ચેક રીર્ટનના કિસ્સામાં કાર્યવાહી કરી હતી ત્યારે વધુ એક વખત નાગરિક બેંકના પૂર્વ ચેરમેન પી. પી. સોજીત્રાના માર્ગદર્શન હેઠળ બેંકના રીકવરી ઓફીસર અજયભાઈ નાકરાણીએ ભાવેશભાઈ હર્ષદભાઈ અધ્યારૂ અને મિતલબેન ભાવેશભાઈ અધ્યારૂ બન્ને વિરૂધ્ધ ધી. નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ કેસ દાખલ કર્યો હતો આ કાયદા હેઠળ થતા આર્થિક અનિયમિતતાના બનાવો અટકાવવા અને પ્રત્યેક ગ્રાહકને સુરક્ષિત રાખવાના મુદે બેંકે કડક કાર્યવાહી કરી હતી. આ કેસમાં અમરેલીના મહે.બીજા એડીશનલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ દ્વારા ચુકાદો સંભળાવતા છ માસની સાદી સજાનો તા. ૧૨/૮/૨૦૨૪ ના રોજ હુકમ થયો છે. જેમાં બેંકના વકીલ તરીકે સંજયભાઈ ડી.ચાવડા અને અજયભાઈ જે રાઠોડ રોકાયેલ હતા. તેમજ બેંકના બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે. તેવું બેંક મેનેજર દિલીપભાઈ ધોરાજીયાની યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૧૦ | ૧૧૮૯ |
| ૨ | શિંગ મોટી | ૮૮૦ | ૧૧૬૪ |
| ૩ | શિંગ મોટી નવી | ૯૧૧ | ૯૧૧ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૫૦ | ૧૫૦૫ |
| ૫ | તલ સફેદ | ૧૭૯૫ | ૨૫૩૦ |
| ૬ | તલ કાળા | ૨૭૩૦ | ૩૫૪૦ |
| ૭ | બાજરો | ૪૫૦ | ૪૭૯ |
| ૮ | જુવાર | ૭૬૩ | ૭૭૪ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૯ | ૬૧૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૮૫ | ૫૯૦ |
| ૧૧ | મગ | ૧૪૩૦ | ૧૬૧૧ |
| ૧૨ | ચણા | ૧૨૦૦ | ૧૪૯૫ |
| ૧૩ | તુવેર | ૧૪૩૭ | ૧૯૭૨ |
| ૧૪ | વાલ | ૧૭૦૦ | ૨૦૬૧ |
| ૧૫ | કપાસ | ૯૪૧ | ૧૫૪૫ |
| ૧૬ | જીરૂ | ૩૭૫૦ | ૪૪૫૦ |
| ૧૭ | ધાણા | ૮૯૦ | ૧૨૫૫ |
| ૧૮ | મેથી | ૧૦૦૦ | ૧૧૦૮ |
| ૧૯ | સોયાબીન | ૭૫૦ | ૮૦૪ |

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલા પાલિકાને**

આવક નગરપાલિકાને થઈ છે. આ બાબતની માહિતી આપતા પાલિકાના પ્રમુખમેહુલભાઈ ત્રિવેદીઅનેઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણીએ જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષથી નગરપાલિકાનું સુકાન સંભાળ્યા બાદ પાલિકાને આર્થિક રીતે ઓછામાં ઓછું ભારણ આવે અને ઓછા ખર્ચે મહત્તમ સુવિધાઓ શહેરીજનોને આપી શકાય તેવો અભિગમ અમે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના માર્ગદર્શનથી અમલમાં મૂકયો છે ત્યારે ચાલુ વર્ષે દર વર્ષની માફક વિવિધ વિભાગના ભંગારનો નિકાલ કરવાનો થતા વિવિધ વિભાગોની વેસ્ટ વસ્તુઓનો નિકાલ કરવા માટે રાબેતા મુજબની જૂની પદ્ધતિ અમલમાં હતી કે જેમાં લોખંડ, પ્લાસ્ટિક, ઈલેકિટ્રક કેબલ, સ્ટેશનરી વગેરે ચીજ વસ્તુઓ પાલિકાના મેદાનમાં ઢગલો કરી ભંગારનું લે–વેચ કરતા વેપારીઓને બોલાવી ઉઘડો જ ભાવતાલ નક્કી કરી તેને વેચાણ આપવામાં આવતું હતું. નગરપાલિકાને ભંગાર નાં વેચાણની ઓછી આવક થતી હતી. અને ખરેખર માલના ૨૫ ટકા રકમ જ પાલિકાને મળતી હોવાનું વર્તમાન સત્તાધીશોના ધ્યાનમાં આવતા અગાઉની 'ઢગલે ધિંગાણા'ની ઉઘડા પદ્ધતિ રદ કરી પારદર્શક પદ્ધતિ અમલમાં મૂકી વર્તમાન પત્રોમાં ભંગાર વેચાણની ઓપન જાહેરાત આપી તેના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા અને ટેન્ડરમાં વધુ ભાવ આવે તેવી પાર્ટીઓને બધાને હાજરીમાં ટેન્ડર ખોલી તેમાં જેના ભાવ મહત્તમ હોય તેને ભંગાર આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું તે મુજબ ગત તારીખ ૧૨/૮/૨૪ ના રોજ નગરપાલિકા ખાતે ભંગાર ખરીદનાર ૧૧ આસામીઓના ટેન્ડર ટેન્ડર ભરનારાની હાજરીમાં ખોલાતા ભંગારના ૨૦ લાખ રૂપિયા જેવી રકમ ઉપજી હતી જેમાં વાલ્વના ત્રણ લાખ સાત હજાર રૂપિયા, કેબલના ૮૫૦૦૦૦ ગેલ્વેનાઈઝ પાઈપના પાંચ લાખ નવ હજાર રૂપિયા, પીવીસી પાઈપના સિત્તેર હજાર રૂપિયા, મોટર પંપના બે લાખ રૂપિયા, પસ્તી, પેપર વગેરેની ૩૦૫૦૦ની આવક થઈ હતી અત્યાર સુધી જૂની પદ્ધતિમાં સ્કેપ લેનાર વેપારીઓ હરરાજી સમયે ૯૦થી ૧૦૦ જેટલા થઈ જતા હતા તો પણ પાલીકાને છ થી સાત લાખ રૂપિયાની આવક થતી હતી જયારે આ વર્ષે પારદર્શક રીતે ટેન્ડર પ્રક્રિયા અમલમાં મૂકી ત્યારે માત્ર ૧૧ વેપારીઓએ જ નગરપાલિકાના નિયમ અનુસાર ટેન્ડર ભરેલા અને આ ૧૧ ટેન્ડર્સની હાજરીમાં જ આ સ્કેપનું વેચાણ કરવામાં આવ્યું હતું. આ વખતે વર્તમાન સત્તાધીશોએ પારદર્શક રીતે ટેન્ડર પ્રક્રિયા અમલમાં આવતાં વેપારીઓએ ટેન્ડર ભરતા નગરપાલિકાને દર વર્ષે જે પાંચથી સાત લાખ રૂપિયાની સ્કેપની આવક થતી હતી તેની જગ્યાએ ચાલુ વર્ષે ૨૦ લાખ રૂપિયા જેવી અ..ધ..ધ .આવક થઈ છે ભંગારના વેચાણમાં દર વર્ષની સરખામણીએ ચાર ગણી આવક થતા નગરપાલિકાના સદસ્યો, કર્મચારીઓમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે અને પ્રમુખ, ઉપપ્રમુખની કામ કરવાની પારદર્શક પદ્ધતિને બીરદાવી રહ્યા છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૭૨ |
| ૨ | જીરૂ | ૪૦૨૦ | ૪૫૫૦ |
| ૩ | ઘઉં | ૪૮૦ | ૫૨૨ |
| ૪ | તલ | ૨૧૭૫ | ૨૩૯૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૧૪૦ |
| ૨ | શીંગ નવી | ૮૬૦ | – |
| ૩ | શીંગ દાણા | ૧૨૫૧ | – |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૧૩ |
| ૫ | જીરૂ | ૪૧૦૦ | ૪૬૬૦ |
| ૬ | કપાસ | ૧૨૨૫ | ૧૫૭૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૫ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૮૦ |
| ૧૦ | જુવાર | ૭૪૦ | – |
| ૧૧ | મકાઈ | ૫૩૦ | – |
| ૧૨ | મગ | ૧૪૦૦ | ૧૫૩૬ |
| ૧૩ | ચણા | ૧૩૦૦ | ૧૪૪૧ |
| ૧૪ | દેશી ચણા | ૧૪૦૦ | ૧૫૮૬ |
| ૧૫ | તુવેર | ૧૩૦૫ | – |
| ૧૬ | મેથી | ૧૨૦૦ | – |
| ૧૭ | ધાણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૮ | સોયાબીન | ૭૫૦ | ૮૩૦ |

પાના ૧ ઉપરનું ચાલું **જનતા વિદ્યાલયની સ્કૂલ બસમાં અચાનક આગ**

સ્કૂલ બસની સેવાઓ શરૂ છે. હજુ બે વરસ પહેલાં જૂની બસ ખરાબ થતા નવી બસ લેવામાં આવી હતી. થોરખાણ ખાતે આવેલ માધ્યમિક શાળા જનતા વિદ્યાલયમાં રાણપર, ગરણી, નડાળા, પીપળીયા, નોંધણવદર અને થોરખાણ ગામના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે. ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી. બસની સુવિધાઓ નહિ હોવાથી વિદ્યાર્થી શાળા તરફથી આવતી બસ સેવાઓનો લાભ લેતા હોય છે.

સવારે દસ વાગ્યાની આસપાસ સ્કૂલ બસ પહેલો ફેરો વિદ્યાર્થીઓનો રાણપર, ગરણી અને નડાળા ગામના ૨૨ જેટલા વિદ્યાર્થીઓને ભરી શાળા તરફ આવી રહી હતી. ત્યારે રસ્તામાં માર્ગ પર એકાએક બસ ઈમરજન્સી એલાર્મ વાગવા લાગતા બસ ચાલક સમજી ગયો કે આગ લાગવાની છે. હજુ બસમાં ધુવાડા શરૂ હતા ત્યારે ઝડપથી બસ ચાલક ભરતભાઈ પાડલીયાએ પરિસ્થિતિનો તાગ પામી રસ્તામાં એક બાજુ બસને પાર્ક કરી તમામ વિદ્યાર્થીઓને બસમાંથી ઉતારી અને સુરક્ષિત સ્થળે લઈ ગયા હતા જેના કારણે એક મોટી દુર્ઘટના સર્જાતાં અટકી હતી અને ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી પણ ફાયર વિભાગ આવે તે પહેલા આગે વિકરાળ સ્વરૂપ લઈ લેતા આખી બસ સળગી ઉઠી હતી અને થોડીવારમાં બસ ખોખું બની ગઈ હતી.

જનતા વિદ્યાલયના આચાર્ય એમ.બી. ઝાલાએ જણાવ્યું હતું કે, ઘટનાની જાણ સ્થાનિક પોલીસને કરવામાં આવી છે તેમજ સ્કૂલ બસ ચાલકનું લાયસન્સ તેમજ બસનો વીમો વગેરે ડોકયુમેન્ટ બરોબર છે એક બસનું ફિટનેસ સર્ટી આગામી તા. ૨૩ઓગષ્ટ ના રોજ પૂર્ણ થવાનું છે જોકે તેના રિન્યુ માટે કાર્યવાહી શરૂ હોવાનું જણાવ્યું હતું.

શાળાની બસમાં આગ લાગતા તમામ વિદ્યાર્થીઓ ગભરાય જતા શાળા દ્વારા રજા જાહેર કરવામાં આવી છે.

બાબરા તાલુકાના થોરખાણ ગામની જનતા વિદ્યાલયની બસની દુર્ઘટના તાલુકાની અન્ય શાળાઓ માટે આંખ ઉઘાડી દે તેવી છે. જિલ્લાના શિક્ષણ વિભાગ દ્વારા દરેક શાળામાં ચાલતા સ્કૂલ બસ, ઓટો કે વાન વગેરે જેવા વાહનનું નિયમિત તપાસ થાય તે અતિ જરૂરી છે જેથી આગળ કોઈ ગંભીર અકસ્માત ના સર્જાય. અહીં બસ ચાલકની સતર્કતા અને બસમાં મુકવામાં આવેલી ઈમરજન્સી એલાર્મ જેવી સુવિધાના કારણે એક મોટી દુર્ઘટનાને ટાળી શકયા છીએ નહિતર કોણ જવાબદાર રહે તે પ્રશ્ન છે.

## અવસાન નોંધ

**અમરેલી :** ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રાહ્મણ જ્ઞાતિના દિનતાબેન ભાસ્કરરાય ત્રિવેદી (ઉ.વ. ૮૪) તે સ્વ. શાંતિલાલ દવેના પુત્રી, સ્વ. કનૈયાલાલ દવે, સ્વ. હરિવલ્લભભાઈ દવે, રોહિતભાઈ દવે, શરદભાઈ દવેના બહેન તથા સ્વ. ભાર્ગભભાઈ દવે, જયેશભાઈ દવે, અંશુમન દવે, ભગીરથ દવે, હિતેષ દવે, નિખીલ દવેના ફઈબા, જલ્પાબેન આચાર્યના માતૃશ્રી તથા હેમાંગભાઈ આચાર્યના સાસુનું તા. ૧૬/૮નાં કોલોનીની ભાવનગર મુકામે અવસાન થયેલ છે. સદગતની પિયર પક્ષની સાદડી તા. ૨૨ને ગુરૂવાર સાંજના ૪ થી ૬ સુધી દશાશ્રી માળી જૈન મહાજનવાડી, હવેલી ચોક, લાયબ્રેરી રોડ અમરેલી મુકામે રાખેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૧ | ૧૫૧૬ |
| ૨ | ઘઉં | ૫૫૧ | ૫૭૪ |
| ૩ | તલ | ૧૪૫૦ | ૨૨૮૦ |
| ૪ | સોયાબીન | ૭૮૦ | ૭૮૦ |


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૨૦૫ | ૧૪૪૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૩૦ | ૫૬૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૪૮ |
| ૪ | સોયાબીન | ૬૦૦ | ૭૫૪ |
| ૫ | તલ સફેદ | ૧૫૬૫ | ૨૨૨૦ |
| ૬ | બાજરો | ૩૫૫ | ૩૫૫ |
| ૭ | શીંગફાડા | ૧૨૫૦ | ૧૪૭૦ |
| ૮ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૯ | મકાઈ | ૫૨૫ | ૫૨૫ |
| ૧૦ | જુવાર | ૬૧૫ | ૬૧૫ |

## ધરાઈ : શ્રી બાલમુકુન્દજી હવેલીમાં ઠાકોરજીને ડ્રેગન ફ્રુટનાં હિંડોળાનાં દર્શન

ધરાઈ, તા. ૨૧

સુપ્રસિદ્ધ યાત્રા ધામ બાલમુકુન્દજીની હવેલી ધરાઈ ખાતે ઠાકોરજીને ડ્રેગન ફ્રુટના હિંડોળા શણગારમાં આવ્યાં. આ તકે વૈષ્ણવો તથા ગામના લોકોએ હિંડોળાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મુખ્યાજી કુલદીપભાઈ જોશી ધરાઈની યાદી જણાવે છે.



## જય કિલેશ્વર મહાદેવ

આ મંદિર બરડા ડુંગરમાં આવેલું અતિ પ્રાચીન પૌરાણિક મંદિર છે. બરડા અભયારણ્યમાં આ કીલેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. કહેવાય છે કે ભગવાન રમચંદ્રજીના શ્રીકૃષ્ણને દ્વાપર યુગામાં યુધિષ્ઠિરના હાથે અહીં શિવલિંગની સ્થાપના કરી હતી. અને મહાદેવની પૂજા આરાધના કરી હતી.

મહાદેવનું મંદિર ભાણવડથી ૨૦ કિલોમીટર દૂર આવેલું છ. ત્યારનાં એ ખુલ્લા થયેલ મંદિરનું ત્રીકમજી મહારાજની રજૂઆતના પગલે ૧૯૧૩માં જાનગરના રાજવી જામ રણજીસિંહ પુન : નિર્માણ મંદિરનું કરાવ્યું હતું. પછી ખાસ કરીને શ્રાવણ માસમાં આબરડા ડુંગરમાં ૧૧ કી.મીના રસ્તામાં મુસાફરી કરીને કિલેશ્વર મહાદેવના મંદિરે જવું એ એક અનુભવતીનો આંનદ છે. બરડા ડુંગરના ખળ ખળ વહેતા પાણીના ઝરણા આ મંખિરની બાજુમાં આવે છે. ત્યાં દર્શનાર્થીઓ ત્યાં ઝરણામાં આવેલા દેવથી કુંડમાં સ્નાન કરે છે. બરડો એ માત્ર ડુંગર નથી અને એક પ્રેમ કથાઓ વીર અને કથાઓનું પ્રતીક છે. ચારણી સાહિત્યની અનેક રચનાઓ પણ બરડા ડુંગરમાં થાય છે. તેની સૌથી વધુ રચનાઓ પણ અહીં થઈ છે. બરડો એ ઈકો સંસેટિવ ઝોનમાં આવેલ છે. અહી દિવસ દરમિયાન જો પ્રવેશ આપવામાં આવે છે. કિલેશ્વર મહાદેવનું મંદિર પોરબંદરથી ૫૦ કિલોમીટર દૂર આવેલું છે. જય કિલેશ્વર મહાદેવ.

– દિપ્તીબેન રાવળ–ઉપલેટા

**નામ બદલાવેલ છે..**

આથી હું નીચે સહી કરનાર નિરાલીબેન ભાવેશભાઈ કાકડીયા જાહેર કરૂ છું કે મે મારૂ જુનું નામ પટેલ નિરાલીબેન ભાવેશકુમાર હતું એ બદલીને નિરાલીબેન ભાવેશભાઈ કાકડીયા કરેલ છે. જેથી હવેથી હું નિરાલીબેન ભાવેશભાઈ કાકડીયા તરીકે ઓળખાઈશ જેની સર્વેએ નોંધ લેવી.

N.B.Kakdiya
નિરાલીબેન ભાવેશભાઈ કાકડીયા

મુ.શેખપીપરીયા,તા.લાઠી, જિ.અમરેલી – ૩૬૫ ૪૩૫

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૯૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૩૧ |
| ૩ | કપાસ | ૧૦૩૧ | ૧૫૫૧ |
| ૪ | બાજરો | ૪૬૬ | ૫૩૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૧ |
| ૬ | જુવાર | ૬૫૧ | ૭૮૫ |
| ૭ | મકાઈ | ૫૧૦ | ૫૧૦ |
| ૮ | મગ | ૧૧૦૧ | ૧૫૬૧ |
| ૯ | ચણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૦ | સોયાબીન | ૮૧૪ | ૮૧૪ |
| ૧૧ | ધાણા | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ૧૨ | મેથી | ૧૧૦૧ | ૧૧૦૧ |

# અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સમુહ જનોઈ બદલવાનો કાર્યક્રમ યોજાયો



અમરેલી જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા આયોજીત સમૂહ જનોઈ બદલવાના શાસ્ત્રોકત વિધ વિધાન થી શાસ્ત્રી પાર્થભાઈ ત્રિવેદીના નેતૃત્વમાં સફળતા પૂર્વક કાર્યક્રમ યોજાયો જેમાં બ્રહ્મ સમાજ અમરેલી શહેરમાંથી બહોળી સંખ્યામાં ભૂદેવો ઉપસ્થિત રહ્યા આ કાર્યક્રમમાં મન–વચન અને કર્મથી સહયોગ આપવા બદલ સૌનો આભાર વ્યકત કરે છે.

## અમરેલી જિલ્લામાં સિંચાઈની યોગ્ય સુવિધા ઉભી કરવામાં સરકાર નિષ્ફળ રહેતા

# જગતનું પેટ ભરનાર જગતાત ગણાતાં ખેડૂતો પાયમાલીની દશામાં

**કાળઝાળ મોંઘવારી વચ્ચે મોંઘુદાટ, બિયારણ, દવા, ખાતર, ખરીદનાર ખેડૂતોને સિંચાઈ માટે વરસાદી પાણીનો સહારો**

**ચાલુ મૌસમમાં અમરેલી જિલ્લામાં અપુરતા વરસાદથી ખેડૂતોની આશાઓ પર પાણી ઢોળ થવાની શકયતાઓ**

**૩ મહિના પહેલા બિયારણ સાથે વિવિધ સપનાઓનું પણ વાવેતર કરનાર ખેડૂતો આજે આર્થિક રીતે પાયમાલ**

**જિલ્લાનાં ખેડૂતપૂત્ર રાજકીય આગેવાનોએ ખેડૂતોને સિંચાઈ માટે પાણી સહિતની વ્યવસ્થા કરવી જોઈએ તેવી માંગ**

અમરેલી, તા.૨૧

આમ તો ખેડુતો ને જગતનાં તાત કહેવાય છે પરંતુ સમય સંજોગો અને સતત ખેડુતો પ્રત્યે આજ દિવસ સુધીની સરકારોએ દુર્લક્ષ સેવતા ખેડૂતો બેહાલ બન્યાં છે. તો ભુંડ, નિલગાય હરણ અને જંગલી પ્રાણીઓ ખેડૂતોનાં ઉભાં પાકનું ધનોતપનોત કાઢી નાખે છે તેટલું જ નહી પણ સતત રાનીપશુઓના ભયનાં ઓથાર તળે ખેતી કરે છે તેટલું જ નહી પરંતુ હાલ અસહ્ય મોંઘવારીમાં ડિઝલના ભાવ વધતાં ખેડ કરવી અતી મોંઘી બની ગઈ છે તો હાલમાં ખાતર અને રાસાયણિક દવાઓનાં ભાવ સાતમાં આસમાને પહોંચી ગયા છે. અને સામે વળતરરૂપે પોષણક્ષમ ભાવ ન મળતાં હાલ ખેડુતોને ખેતી કરવી અતી મુશ્કેલ બની છે અને ખેડુતોને પોતાનું જીવન નિર્વાહ કરવું અને પોતાના પરિવારનું લાલન પાલન કરવું મુશ્કેલ બન્યું છે ત્યારે અમરેલી જિલ્લામાં માત્ર આંગળીના વેઢે ગણાય એટલાં જ ડેમો હોય અને તદ્ઉપરાંત આઝાદીનાં આટલાં વર્ષો બાદ પણ મોટાં ભાગનાં વિસ્તારનાં ખેડુતોને સિંચાઈની કોઈ પણ પ્રકારની વ્યવસ્થા ન હોવાથી હાલ ખેડુતો માત્રને માત્ર કુદરત આધારિત ખેતી કરવા લાચાર અને મજબુર બન્યો છે ત્યારે રાતદિવસ પેટે પાટા બાંધીને કાળી મજૂરી કરી કરોડો માનવીઓને જીવન જીવવાની ઔષધી સમાન અન્ન ઉત્પન્ન કરનાર જગતનો તાત પોતે પેટમાં ન ખાઈ અને જીવન અતિ કરકસર થી જીવી એક એક રૂપિયો બચાવી ભેગી કરેલી પોતાની મરણ મુડીમાંથી ખેડ ખાતર અને કિંમતી બિયારણ ખરીદી વાવેતર કરે છે ત્યારે ખેડૂતો માત્ર બિયારણ નહી પણ પોતાના અરમાનો અને પોતાના પરિવારનાં લાલન – પાલનનાં સપનાંઓનું પણ વાવેતર કરતો હોય છે. પરંતુ અવાર – નવાર વાવાઝોડા પુર પ્રકોપ અને દુષ્કાળ જેવી કુદરતી આફતોનો શિકાર બનતાં જગતનો તાત બિલકુલ ખુવાર થઈ જાય છે ત્યારે દેશનાં અર્થતંત્રને પોતાની કાળી મજૂરી અને કાંડાનાં બળે ટકાવી રાખનાર ખેડુતોને આવી અતી કપરી અને વિકટ પરિસ્થિતિમાં પણ સરકાર સરકારી તંત્ર અને જવાબદાર નેતાઓ વળતર સહાય કે કોઈ નુકશાનની સામે મહદ્ અંશે રાહત મળે તેવાં કોઈ યોગ્ય નિર્ણય ન લેતાં જગતનો કહેવાતા તાતને ઉપર આભ અને નીચે ધરતી જેવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થાય છે. ત્યારે ગત વર્ષે એકધારો વરસાદ દિવસોનાં દિવસો સુધી પાકને જરૂરિયાત કરતાં વધુ વરસાદ વરસવાનાં કારણે ખેડૂતોનો પાક નષ્ટ થયો અને પછી એક ઝાટકે વરસાદે બિલકુલ વિદાય લીધી એટલે ખેડુતોનાં બચ્યોએ પાક પાણી ના અભાવે નષ્ટ થઈ ગયો અને ઉત્પાદન ઉપર મોટી અસર થતાં ખેડૂતો તારાજ થઈ ગયાં હતાં ત્યારે આજ વખતે ચાલું ચોમાસાની સિઝન દરમિયાન અમરેલી જિલ્લા નાં મોટાં ભાગનાં વિસ્તારમાં વરસાદ માત્ર ઝરફરાટ જ આવ્યો અને જરૂરિયાત કરતાં ખુબ જ ઓછો અને અમુક વિસ્તારને બાદ કરતાં કયાંય પણ નદીઓ કોતરો કે હોકળ ાઓમા પુર ઘોડાપુર તો ઠીક પણ ખેતર બહારા પાણી પણ નથી નિકળ્યાં તેટલો બિલકુલ ઓછી માત્રામાં વરસાદ વરસતાં અમુક ડેમોને બાદ કરતા લગભગ ઘણાં ડેમો ચેકડેમો ખાલીખમ પડયાં છે

જેથી જમીનનાં તળ પણ ઉંડા જતાં પિયતનાં સાધનો ધરાવનારા ખેડૂતોને પિયત કરવું મુશ્કેલ બની જશે અને એક તો જરૂરીયાત કરતાં બિલકુલ ઓછો વરસાદ અને તેમાંય હાલ થોડા સમયથી વરસાદે વિરામ લેતાં ખેડૂતો માથે આફતના વાદળો ઘેરાય તેવી વિકટ અને વિકરાળ પરિસ્થિતિનું નિર્માણ થાય તેવી ભીતી વચ્ચે જો સમયસર વરસાદ નહીં વરસે તો ખેડૂતોને મોટી નુકશાની વેઠવાનો સમય આવશે ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે જો અમરેલી જિલ્લાનાં ખેડુતોને પિયત માટે સિંચાઈ માટે મોટી નહેરો હોય અથવા તો ડેમો અને ચેકડેમો સૌની યોજનામાં સમાવિષ્ઠ કરી ભરવાંમાં આવે તો આવી કપરી પરિસ્થિતિમાં સમગ્ર વિસ્તારનાં ખેડુતો માટે તે જીવાદોરી સમાન સાબિત થાય અને ખેડુતો પોતાની કેળવેલી ફળદ્રુપ જમીનમાંથી બમણું અને ત્રણ ગણું ઉત્પાદન લઈ અન્ન શાકભાજી અને ફળ ોનાં ભંડાર ભરી શકે અને ખેતી ખેતમજૂરી અને પશુપાલન પર નિર્ભર આપણાં જીલ્લાના લાખો નવયુવાનો સહિત હજારો લોકોને રોજીરોટી મળી રહે અને ધંધા રોજગાર મેળવવા માટે અન્ય શહેરોમાં હિજરત ન કરવી પડે પરિણામે ગામ અને ગામડાંઓ ફાલેફુલે તો આવી અનેક બાબતો તથા ખેડૂતોની યાતના કાયમી ધોરણે દુર કરવા જેવી અનેક બાબતો લક્ષમાં રાખીને સરકાર તથા તેના જવાબદાર લોક પ્રતિનિધિઓ એ ખેડૂતો હિતાર્થે તથા લાખો લોકોનાં રોજગાર માટે નક્કર પગલાં લેવા અતી આવશ્યક બાબતે ઘટતું કરે તેવી અખબારી યાદીમાં અશોકસિંહ તલાટીયા જણાવે છે.

### પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અન્વયે

## અમરેલી જીલ્લામાં રૂપિયા 33.૨૦ કરોડના ખર્ચે ૧૭,૪૦૭ લાભાર્થીઓ લાભાન્વિત

**માતૃ વંદના, જનની સુરક્ષા અને કસ્તુરબા પોષણ યોજનાથી ફાયદો**

અમરેલી, તા.૨૧

સ્વસ્થ નાગરિક અને સ્વસ્થ સમાજ એ રાષ્ટ્રની સૌથી મોટી મૂડી છે. કેન્દ્ર અને રાજય સરકારની આરોગ્યલક્ષી અસરકારક કામગીરી અને સ્વાસ્થ્યને લગતી કલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે રાજયનો આરોગ્ય વિભાગ સતત કાર્યરત છે.

અમરેલી જીલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા રાજય સરકાર અને કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ જનજન સુધી પહોંચાડવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી અમૃતમ અને મા વાત્સલ્ય યોજનાનું પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પી.એમ.જે.એ.વાય) માં રૂપાતરણ થયું છે. જીલ્લામાં ૭,૯૧,૬૦૧ કાર્ડ કાઢવામાં આવ્યા છે. પરિવારદીઠ રૂ.૫ લાખની સહાય વધારીને ૨.૧ લાખ સુધીની આરોગ્ય સુવિધા લોકોને વિનામૂલ્યે મળી રહેશે. જીલ્લામાં ૬૦ આરોગ્ય કેન્દ્રો ખાતે, કે.આઈ.ઓએસકે સેન્ટર ખાતે આ કાર્ડ કાઢવાની કામગીરી શરૂ છે. ચાલુ વર્ષ દરમિયાન ૧૭,૪૦૭ નાગરિકોને રૂ. ૩૩.૨૦ કરોડના ખર્ચે આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અન્વયે વર્ષ ૨૦૨૩–૨૦૨૪માં અમરેલી જીલ્લામાં ૬,૬૮૫ લાભાર્થીઓને રૂ. ૩,૩૪,૨૫,૦૦૦ (ત્રણ કરોડ, ચોત્રીસ લાખ પચ્ચીસ હજાર)ની ચૂકવણી કરવામાં આવી છે. જનની સુરક્ષા યોજના અંતર્ગત ૫,૦૮૨ લોકોને રૂ. ૩૨,૯૯,૬૦૦ સહાય ચૂકવવામાં આવી છે, કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત ૪,૬૯૭ લાભાર્થીઓને રૂ. ૨,૮૧,૬૪,૦૦૦ સહાય ચૂકવવામાં આવી છે.

નિરામય ગુજરાત અંતર્ગત બિનચેપી રોગોનું સ્ક્રિનીંગ કરવામાં આવતા ૭,૪૧,૧૩૨ નાગરિકોએ તેનો લાભ મેળવ્યો છે. જીલ્લામાં અત્યાસ સુધીમાં ૧૧,૮૦,૩૯૪ આયુષમાન ભારતહેલ્થએકાઉન્ટ (આભા) કાર્ડ કાઢ વામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૩/૨૦૨૪ દરમિયાન હાથસણી, સોનારીયા, અમૃતવેલ, ડાંગાવદર અને હડાળા સબ સેન્ટરના નવા ભવનોનું નિર્માણ થયું છે. ખંભાળા પી.એચ.સી તથા ૧૫ સબ સેન્ટરના નવા બિલ્ડીંગ બનાવવા માટેનું ખાતમુહૂર્ત થયું છે.

### નવા વાઘણીયાનાં ખેડૂતથી પ્રારંભ થયો

## અમરેલીનાં માર્કેટયાડમાં સિઝનની નવી શિંગની આવક શરૂ થઈ

**પ્રતિ મણનો ભાવ રૂપિયા ૯૧૧ જેવો ખુલ્યો**

અમરેલી, તા. ૨૧

અમરેલી સાવરકુંડલા રોડ પર બનેલ સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – અમરેલી, નવા માર્કેટયાડમાં તા. ૨૧/૮/૨૪ ને બુધવારના રોજ સિઝનની નવી શિંગની આવક શરૂ થઈ હતી. જેમાં ખેડૂત ભાવેશભાઈ રાડા રે.નવા વાઘણીયા, કમિશન એજન્ટ હરિઓમ ટ્રેડર્સની દલાલીમાં શિંગ વેચાણ અર્થે લાવેલ હતાં. અંદાજીત ૩૫ ગુણ જેટલી શિંગની આવક હતી. નવિ શિંગની ખરીદી વેપારી ભીમાણી ટ્રેડર્સે કરી હતી. જેનો ભાવ રૂા. ૯૧૧/– પ્રતિ મણના રહેવા પામેલ હતો. આમ માર્કેટયાર્ડ અમરેલી ખાતે નવી શિંગની આવક શરૂ થઈ ગયેલ છે અને ખેડૂતોને તેના ભાવો પણ સારા મળે છે. તેમ બજાર સમિતિનાં સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક અખબાર યાદીમાં જણાવ્યું હતું.

### જન્માષ્ટમીનાં તહેવારને લઈને

## બગસરા માર્કેટયાર્ડમાં કપાસ, અનાજ અને કઠોળની હરરાજી બંધ રહેશે

**૨૩/૮ થી ૨૮/૮ સુધી બંધ : ૨૯/૮થી કામકાજ ચાલુ**

બગસરા, તા. ૨૧

બગસરા માર્કેટયાર્ડનાં સેક્રેટરીની યાદીમાં જણાવ્યું છે કે દરેક ખેડુત ભાઈઓ તથા વેપારી ભાઈઓને જણાવવાનું કે તા. ૨૩/૮/૨૦૨૪ને શુક્રવાર થી તા. ૨૮/૮/૨૦૨૪ ને બુધવાર સુધી ''જન્માષ્ટમી''ના તહેવાર નિમિતે કપાસ તથા અનાજ કઠોળની હરરાજીનું કામકાજ બંધ રહેશે જેની નોંધ લેવી.

અને તા. ૨૯/૮/૨૦૨૪ ને ગુરૂવારથી કપાસ તથા અનાજ કઠોળ ની હરરાજીનું કામકાજ રાબેતા મુજબ શરૂ તેમ અંતમા જણાવેલ છે.

### અંતિમ યાત્રાને ગરીમાપુર્ણ બનાવવા માટે

## અમરેલીનાં ગાયત્રી મોક્ષધામ ખાતે નવ નિર્મિત સ્ટીલ બોડી મોક્ષરથનું લોકાર્પણ

**અગ્નિદાહ માટે બે ચુલમાં ઈલેકટ્રીક ફુંકણી મુકાશે**

અમરેલી, તા.૨૧

અમરેલીના નદી કાંઠે આવેલ ગાયત્રી મોક્ષધામ સમિતિ દ્વારા માનવ જીવનનાં અંતિમ પડાવ એટલે સ્મશાનગૃહ આ અંતિમ અને અનિવાર્ય પડાવની અંતિમયાત્રાને સન્માન અને ગરીમાપુર્ણ બનાવવા માટે સ્મશાન સમિતિએ સુવિધામાં વધારો કર્યો છે. જેમાં નવ નિર્મિત સ્ટીલ બોડી મોક્ષરથ (એસી) અને અગ્નિદાહની બે ચુલમાં ઈલેકટ્રીકફુંકણી (બલોઉર) નું લોકાર્પણ ૨૨ ઓગષ્ટને ગુરૂવારે સાંજના ૭:૩૦ કલાકે ટાવર ચોકમાં મહાત્મા મુળ દાસજીની સાક્ષીએ પાલિકા પ્રમુખ બિપિન લીંબાણીનાં વરદ હસ્તે કરવામાં આવશે. પૂ. નારાયણગીરીબાપુ (મઢ) નાં મહંત, સંતશ્રી મૌનીબાપુ નાં સેવક પરિવાર અને એક વૈષ્ણવ પરિવારનાં આર્થિક સહયોગથી મોક્ષરથ અને ઈલેકટ્રીકફુંકણીની સુવિધા જેશીંગપરાનાં નાગરિકોનાં સહયોગથી સુવિધામાં વધારો થયો છે. આ લોકાપર્ણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સમાજ સેવક દિલીપ પરિખે શહેરીજનોને અનુરોધ કરેલ છે.

### અમરેલીનાં શિક્ષક તુલસીભાઈ મકવાણા ઉમેદવાર

## ગાંધીનગર : શિક્ષણ બોર્ડની ૯ બેઠકની સામાન્ય ચુંટણી ૨૪ સપ્ટે. ના રોજ યોજાશે

**શિક્ષણ જગતમાં ચુંટણીને લઈને માહોલ ગરમાયો**

અમરેલી, તા.૨૧

શિક્ષણ બોર્ડ – ગાંધીનગરની ૯ બેઠકની સામાન્ય ચૂંટણી તારીખ ૨૪–૦૯–૨૦૨૪ને મંગળવારના રોજ યોજાનાર હોય, જુદા જુદા શૈક્ષણિક સંઘો તેમના ઉમેદવારોની પસંદગી માટે પાર્લામેન્ટરી બોર્ડની બેઠકો ૩૧ ઓગસ્ટ સુધીમાં ગાંધીનગર ખાતે થોજી રહ્યા છે. ઉમેદવારી પત્રો તારીખ ૨૦ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બર સુધી ભરવાની મુદત હોય પરંતુ જે તે સંવર્ગના પાર્લામેન્ટરી બોર્ડ તેના સત્તાવાર ઉમેદવાર જાહેર ન કરે ત્યાં સુધી મોટાભાગે ટિકિટના દાવેદાર ઉમેદવારો ઉમેદવારી છેલ્લા દિવસે ૨ સપ્ટેમ્બરના રોજ કરે તેવી સંભાવના છે. અગાઉના વર્ષોમાં ૨૬ બેઠકની ચૂંટણી દર ૩ વર્ષે યોજવામાં આવતી હતી.

ગત ચૂંટણી સપ્ટેમ્બર – ૨૦૨૧માં યોજવામાં આવી તે પૂર્વે ધારાસભામાં ખરડો લાવી સરકારે બેઠકો ઘટાડી ૯ બેઠક કરેલ હોય જેનો મત વિસ્તાર સમગ્ર ગુજરાત રાજય છે, બેઠક મુજબ જોઈએ તો શાળાના આચાર્ય, ઉ. બુ. શાળાના આચાર્ય અને શિક્ષક, માપ્રયમિક શિક્ષક, બી.એડ. કોલેજના પ્રિન્સિપાલ, વહીવટી કર્મચારી, ઉચ્ચતર શિક્ષક, સરકારી શિક્ષક, શાળા સંચાલક અને વાલી મળી ૯ બેઠકોના ૭૪૨૪૨ મતદારો છે. સૌરાષ્ટ્રના સંભવિત ઉમેદવારો જોઈએ તો સંચાલક મંડળ માં ડો. પ્રિયવદન કોરાટ – જેતપુર, ઉચ્ચતર શિક્ષકમાં તુલસીભાઈ મકવાણા– અમરેલી, માધ્યમિક શિક્ષકમાં નિલેશ સોનારા – જુનાગઢ .વહીવટી કર્મચારીમાં જયેશ દુધાત્રા– રાજકોટ શહેર, બી.એડ. પ્રિન્સિપાલમાં ડા. નિદત બારોટ – રાજકોટ, સરકારી શિક્ષક વિજય ખટાણા – ભાવનગર સંભવિત ઉમેદવારો છે. અત્યારથી જ ગુજરાતના શિક્ષણ જગતમાં ચૂંટણીનો જોરદાર માહોલ જોવા મળે છે. આ ચૂંટણીમાં ફોર્મ ચકાસણી કરી આખરી ઉમેદવારોની યાદી તા. ૧૦–૦૯–૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ થવાની હોય. ત્યારબાદ ચૂંટણી જંગ પરાકાષ્ઠાએ જોવા મળશે. ઉલ્લેખનીય છે કે જેતપુરના ડા. પ્રિયવદન કોરાટ ૬ ટર્મથી બોર્ડના સભ્ય છે. જયારે ડા. નિદત બારોટ બી.એડ. પ્રિન્સિપાલમાં ૨ ટર્મથી સીટિંગ મેમ્બર છે. બોર્ડમાં હાલ ૯ ચૂંટાયેલા સભ્યો. ૪ સરકાર નિયુક જેમાં ૧ સભ્ય રાજયની કોઈપણ યુનિવર્સિટીના એકેડમિક કાઉન્સીલના સભ્ય હોવા જોઈએ જયારે ૨ ધારાસભ્યો, ૯ ક્લાસ વન અધિકારી મળી કુલ ૨૪ સભ્યોનું બોર્ડ છે. અગાઉ ૬૦ સભ્યોનું બોર્ડ હતું.






## અમરેલી : ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓની યુ-૧૯ એસજીએફઆઈ કબડ્ડી સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવી રાજય લેવલે પસંદગી






અમરેલી, તા. ૨૧

હાલમાં શરૂ શાળાકીય અખિલ ભારતીય રમોત્સવમાં અમરેલી ખાતે જીલ્લા કક્ષા સ્કૂલ ગેમ ફેડરેકશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજીત U - 19 કબડ્ડી સ્પર્ધાનું તારીખ ૧૬/૮/૨૦૨૪ના રોજ SAG અમરેલી ઓફિસ ખાતે યોજાઈ હતી. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તેમજ જીલ્લા કક્ષા સ્પોટર્સ સ્કૂલ ટીમો અને અમરેલી જીલ્લાની વિવિધ ૧૧ શાળના ખેલાડીઓએ પાર્ટીસિપેટ કરેલ જેમની વચ્ચે ખરા ખરીની સ્પર્ધા યોજાય હતી, આ સ્પર્ધામાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલના વિદ્યાર્થીઓ ખેલાડીઓ મોભ, અશોક, મહેતા શિવમ, વાવલીયા તિર્થ, ભુવા ભવ્ય, ગોંડલીયા પ્રિયાંક, પાલીણા હર્ષિલ, ડેરવાળિયા સુમિત, નિમાવત હર્ષ, તિવારી સિદ્ધાર્થ, સોરઠીયા આર્યન, સોલંકી હાર્દિક એ શાનદાર પ્રદર્શન કરી U - 19 કબડ્ડી સ્પર્ધામાં જીલ્લા કક્ષાએ વિજય મેળવી રાજય લેવલે પસંદગી પામેલ, નોંધનિય છે કે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં રમત ગમત માટે દરેક વિદ્યાર્થીને સ્પોટર્સમાં મહત્વનું પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવે છે. કબડ્ડી રમતની પ્રેકટીસ હોથી સાહિલભાઈ દ્વારા કરવામાં આવે છે. આ તકે ખેલાડીઓને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા હતાં.

## સાવરકુંડલા ધરતી પર એટલી ભીડ તો શણગારેલી ગાડી કયાં?



સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલાની ધરતી પર ભીડ જોઈ એક નાદાન વ્યક્તિ પૂછે છે, કે એટલી બધી ભીડ સેના માટે છે? ત્યાં ઉભેલો એક દાદાબાપુનો મુરીદ જવાબ આપે છે કે બધા દાદાબાપુ માટે આવ્યા છે. પેલો નાદાન વ્યક્તિ જવાબ સાંભળ ી બોલી ઉઠે કે ઓહ, દાદાબાપુ માટે તો હંમેશા ભીડ હોય જ હો, ક્યાં છે બાપુ આજે પણ પેલી શણગારેલી ગાડીમાંજ આવશે ને? ક્યાં છે ઈ ગાડી નથી દેખાતી ? મુરીદ એ નાદાન વ્યકિને સમજાવે છે કે. આજે સાવરકુંડલામાં ભેગા થયેલા આ લોકો સરકાર દાદાબાપુના ચાહવા વાળા છે. આજે એમના પીરો મુરશીદ, રેહનુમા, માર્ગદર્શક અને આસ્થાની દ્રષ્ટિએ 'રૂહાનીબાપ'ને આખરી વિદાય આપવા આવ્યા છે.

છેલ્લા ઘણા દિવસોથી અલ્લાહ પાસે દુઆ અને આજીજીમાં નિષ્ફળ ગયા બાદ આજે અલ્લાહની મરજી ખુલ્લા મને સ્વીકારવા આવ્યા છે. એમને ખબર છે કે એમનો રેહનુમા હવે આ દુનિયામાં નથી, પણ દિલ નથી માનતું એટલે રૂબરૂ જોવા આવ્યા છે. આ મુરિદોને એ વાતની જાણ છે કે આજે સરકારની સવારી કાંઈક અલગ છે. તેમ છતાં એ પણ પેલી શણગારેલી ગાડી જોવાનુ સપનું લઈને આવ્યા છે.

મુરીદનું દિલ હજી એ વહેમમાં છે કે હમણાં ભીડની વચ્ચેથી સરકાર દાદાબાપુ પેલી શણગારેલી ગાડીમાં નુરાની હાથ લેહરાવતા નીકળશે, નુરાની બાવા સરકારના કાનમાં કાલીઘેલી ભાષામાં કાંઈક કેહશે અને પછી સરકાર હંમેશની જેમ સ્મિત કરી નુરાની બાવા માથે હાથ ફેરવશે, ત્યાં ઉભેલી ભીડ માંથી નારા બુલંદ થશે કે

*દેખો દેખો કોન આયા...*
*દેખો દેખો કોન આયા..*
*સુન્નીઓ કા શેર આયા*

પણ નાદાન મુરિદને કોણ સમજાવે કે આ મંઝર હવે ઈ ક્યારેય નહીં જોઈ શકે આજે એના પીરો મુરશીદ સરકાર દાદાબાપુ પોતાના શહેર સાવરકુંડલામાં છેલ્લી સવારી કરવાના છે. જે સવારીમાં કોઈ ગાડી નહીં હોય અને ના કોઈ નુરાની હાથ લેહરાતો દેખાશે. હજારોની ભીડ છે પણ એ નારા બુલંદ કરવાની કોઈ પાસે હિંમત નથી. બસ સન્નાટો છે. સરકાર જન્નતિ લીબાશમાં જાય છે, મુરીદ સરકારને એક ઝલક જોવા તડપે છે. મનો–મન યતીમી મહેસુસ કરે છે. સરકારનો ગુલામ ગમગીન છે પણ એનું દર્દ કોને કહે?

એને ચિંતા છે કે હવે રાહભટકેલા યુવાઓને વ્યસન મુક કોણ કરાવશે?

ભાઈઓ વચ્ચે થયેલ જગાડનું સમાધાન કોણ કરાવશે? શહેરમાં કોમી ઈખલાસની વાત કોણ કરશે ? કોણ એવુ સ્ટેજ આપશે જયાં દરેક મસલકના મુકરરીર આવિને પોતાની વાત રાખી શકે.

હજારોની ભીડ છે પણ કોઈ પાસે જવાબ નથી. બધા મનમાં જાણે છે કે ૧૦૦ વર્ષે આવી વ્યકિ જન્મ લેંતી હોય છે કે જેનો કોઈ અન્ય વિકલ્પ ન હોય. ભારે હૈયે સરકાર દાદાબાપુને અવ્વલ મંઝિલ છોડીને આવેલ મુરીદ આસું લૂંછી બે હાથ ઉઠાવી બસ છેલ્લે અલ્લાહ પાસે દુઆ કરે છે. માલિક હું જાણું છું કે સરકાર જેવા રેહનુમા, રેહબર હવે અમને મળવાના નથી એટલે અમને એટલી નેક હિદાયત આપ કે એ બુજર્ગે માનવજાતની ભલાઈ માટે જે માર્ગ ચિંપ્રયો એ માર્ગથી અમે ક્યારેય પણ ભટકીએ નહીં. અને દાદબાપુ જે સંસ્થાઓના પાયા નાખી ગયા એને કયામત સુધી આબાદ રાખીએ.

અલવિદા સરકાર દાદાબાપુ
ભીડમાંનો એક ગમગીન મુરીદ





## ''અમરેલી એક્સપ્રેસ''માં શહેરીજનોનાં હિતમાં અવારનવાર અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ

# અંતે અમરેલીમાં પાલિકાએ રખડતા પશુઓને પકડવાનું શરૂ કર્યુ

**શહેરીજનો છેલ્લા એક દાયકા કરતાં પણ વધારે સમયથી રખડતા પશુઓથી પરેશાન બન્યા છે**

**વરસાદનાં છેલ્લા ૨ મહિનામાં રખડતા પશુઓની સમસ્યામાં વધારો થયો હતો**

**રખડતા પશુઓનાં લીધે અવારનવાર અકસ્માત અને ટ્રાફિક જામની ઘટના બની રહી છે**

**પાલિકાનાં શાસકો કાયમી ધોરણે રખડતા પશુઓને પકડે છે કે આરંભે શુરા જેવું થાય છે તે જોવું રહ્યું**




અમરેલી, તા. ૨૧

''અમરેલી એક્સપ્રેસ'' માં છેલ્લા ૨ મહિનામાં અવારનવાર અમરેલીમાં રખડતા પશુઓને ડબ્બે પુરવા અંગેનાં અહેવાલ શહેરીજનોનાં હિતમાં પ્રસિધ્ધ થયા બાદ પાલિકાનાં શાસકોએ આજથી શહેરમાં રખડતા પશુઓને ડબ્બે પુરવાની કામગીરી શરૂ કરતાં શહેરીજનોમાં રાહતનો માહોલ ઉભો થયો છે.

અમરેલી શહેરમાં રખડુ શ્વાન, ગાય અને આખલાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. રખડુ શ્વાન શહેરીજનોને દિવસ–રાત પરેશાન કરે છે. દિવસે રખડુ શ્વાનનાં ટોળા જાહેર માર્ગ પર શહેરીજનોને દોડાવી રહ્યા છે અને રાત્રિનાં સમયે તેમનાં ભસવાનાં અવાજથી શહેરીજનો મીઠી નિંદ્રા પણ માણી શકતા નથી.

બીજી તરફ રખડતા ગાય અને આખલાઓ જાહેર માર્ગ ઉપર ટોળે વળેલી જોવા મળતાં અવારનવાર અકસ્માત અને ટ્રાફિક સમસ્યા જોવા મળી રહી છે અને શહેરીજનોમાં રખડુ શ્વાન, ગાય અને આખલાઓને લઈને નારાજગીનો માહોલ ઉભો થયો હોય. અંતે પાલિકાએ આજે રખડુ પશુઓને ડબ્બે પુરવાનું શરૂ તો કર્યુ છે પરંતુ પાલિકા આરંભે શુરા અને બાદમાં શાંત તો નહી થાય તેવો પ્રશ્ન શહેરીજનોમાં ઉભો થયો છે.

### જિલ્લાની ૧૫ લાખની જનતાની જીંદગીની કોઈ તો કિંમત સમજો

## અમરેલી જિલ્લામાં રખડતા પશુઓ અને માર્ગો પરનું દબાણ દૂર કરો

**આઝાદીનાં ૭૭ વર્ષ પૂર્ણ થયા અને રખડતા પશુઓ કે જાહેર માર્ગ પરનું દબાણ દૂર થઈ શકતું નથી**

**શાસકોએ આમ આદમીને પિડા આપતાં પ્રશ્નોનાં નિરાકરણમાં ગંભીરતા દાખવવી જરૂરી**

**રખડતા પશુઓનાં લીધે અવારનવાર અકસ્માતની ઘટના બને છતાં કોઈનાં પેટનું પાણી હલતું નથી**

**જાગૃત નાગરિક ડો. ગજેરા, હિતેષ સેંસ્યાએ સ્થાનિક પાલિકામાં કરી રજૂઆત**

### પાલિકાનાં પ્રમુખ મેહુલ ત્રિવેદી અને ઉપપ્રમુખ પ્રતિક નાકરાણીએ વિગતો આપી

## અરે વાહ : સાવરકુંડલા પાલિકાને ભંગારનાં વેચાણથી રૂપિયા ૨૦ લાખની આવક થઈ

**દર વર્ષ કરતાં ખરીદનાર ઘટયા પણ આવક ૪ ગણી થઈ**



સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા નગરપાલીકા પોતાના હસ્તકના વિવિધ વિભાગો જેવા કે વોટર વર્કસ, સેનિટેશન, લાઈટ અને રોશની, વાહન વ્યવહાર, વહીવટી વિભાગ વગેરેમાં ઉપયોગ બાદ નીકળતા વેસ્ટ મટીરીયલ્સની જાહેર ટેન્ડર પદ્ધતિ દ્વારા નિકાલ કરવામાં આવતા દર વર્ષ કરતા ચાર ગણી એટલે કે અ...ધ ..ધ ..૨૦ લાખ રૂપિયા જેવી મતદાર રકમની

અનુસંધાન પાના ૬ ઉપર

### બેન્કનાં રીકવરી અધિકારીએ કોર્ટમાં અરજી કરતા

## અમરેલી નાગરિક સહકારી બેન્કનાં બાકીદાર દંપત્તિને ૬ માસની સજા

**બેન્કનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાની સૂચનાથી કોર્ટમાં કેસ કરાયો હતો**

અમરેલી, તા. ૨૧

નાગરિક બેંકના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાના માર્ગદર્શન હેઠળ બેંકના રીકવરી ઓફીસર અજયભાઈ નાકરાણીએ કોર્ટમાં અરજી કરી હતી અમરેલી બેંકમાંથી ચેક રીર્ટન થવાના કિસ્સાઓમાં આકરી સજા મળે અને ચેક રીર્ટનના બનાવો અટકે તેવી પ્રતિબધ્ધતા સાથે નાગરિક સહકારી બેંક આગળ વધી રહી છે. ભાવેશભાઈ હર્ષદભાઈ અધ્યારૂ અને મિતલબેન ભાવેશભાઈ અધ્યારૂ રે. બન્ને ચંદ્રમૌલી, જડેશ્વરનગર, જલારામ નગર પાસે, હનુમાનપરા રોડ, અમરેલી પાસે બેંકની કાયદેસરની રકમ બાકી હોય જે પેટે તેઓએ જોઈન્ટ ખાતાનો ચેક આપતા તે ચેક તેમના ખાતામાં પેમેન્ટ સ્ટોપ્ડ બાય ડ્રોઅર હોવાના કારણે ચેક રીર્ટન થઈ કાયદાકીય જોગવાઈ મુજબ કાયદેસરની કાર્યવાહી

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)